॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
સંત સાનિધ્યનું ફળ છે વિચાર, વાણી અને વર્તનમાં પરિવર્તન

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 29, Dt. 20/05/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

## કોરોનાકાળના કડવા-મીઠાં સ્મરણો : ફોન તો હવે સહુના અને વહુના હાથનું ઘરેણું છે

**માણસજાત એના અનુભવમાંથી કંઈક શીખતી રહે છે એમ સમાજ વિજ્ઞાનીઓ કહે છે પરંતુ લોકડાઉન જેવા કપરાકાળમાંથી લોકો કંઈ શીખ્યા નથી એવું લાગે છે.**

તંત્રી સ્થાનેથી...
સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

જિંદગી પરિવર્તનનો પર્યાય છે. પરંતુ આજકાલ જે ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે એની માણસજાતે કદી કલ્પના કરી ન હતી. કોરોનાને કારણે માનવ જિંદગીમાં જે ફેરફારો થઈ રહ્યા છે તે એટલા સૂક્ષ્મ છે કે પહેલી નજરે તો અંદાજ પણ ન આવે. આ એવા ફેરફારો છે જેનાથી આગળ જતાં આખેઆખો માણસ જ બદલાઈ જવાનો છે. નાણાંનું મૂલ્ય પણ બદલાઈ ગયું છે. કોરોનામાંથી લેવા જેવા બોધપાઠનો કોઈ પાર નથી. ઘણા દિવંગતો એવા છે કે તેઓ જ્યારે પૃથ્વી પર હયાત હતા ત્યારે પારાવાર રૂપિયા છતાંય શ્વાસ લેવાનો ઓક્સિજન ન હતો. પૈસા કામમાં આવે અને ન પણ આવે એનો અનુભવ દુનિયા હજુય કરી રહી છે. કોરોનાનું રહસ્ય તો હજુ વૈજ્ઞાનિકો પૂરેપૂરું જાણતા નથી. ચીનના વુહાનમાંથી નીકળેલા કોવિડ-19 વાયરસનો ચેપ વીજળીક ગતિથી આખી દુનિયામાં ફેલાયો અને તેનો સામનો કરવા માટેની કોઈ દવા કે રસી શરૂઆતમાં તો ન હોવાથી ગભરાયેલી દુનિયાએ લોકડાઉનનો ઉતાવળિયો સહારો લીધો.

પરિવર્તનની મોટી શરૂઆત એકસાથે તો લોકડાઉનથી થઈ. લોકડાઉનની સાર્વત્રિક અસરોથી અજાણ દુનિયા માટે તો બકરું કાઢતા ઊંટ પેઠું તેવો ઘાટ થયો અને વાયરસ તો દૂર ન થયો પણ અર્થતંત્રની ગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી તે સહુને યાદ હશે. બજેટના આંકડા કડડભૂસ થઈ ગયા અને આરોગ્યની સાથે સાથે આર્થિક સ્તરે પણ ભયાનક માહોલ સર્જાયો. જીવન જરુરિયાતની ચીજોને એક તરફ મૂકવામાં આવે તો તે સિવાયના લગભગ તમામ ઉત્પાદનોની ડિમાન્ડમાં ઘટાડો થઈ ગયો. કોરોનાએ એકાંતવાસની દુનિયાને સાથોસાથ ઓનલાઈન વર્ચ્યુઅલ યુગમાં ધરાર પ્રવેશ આપ્યો અને બજારમાં સ્માર્ટ ફોનના વેચાણમાં જબરજસ્ત વધારો થઈ ગયો. એનું એક કારણ ભલે બાળકોનું ઓનલાઈન શિક્ષણ હોય પણ બીજાય કારણો હોય છે. એકાન્તનો સંગાથી હવે તો ફોન છે.

કોરોનાએ એક સમયે વૈભવી ઉપકરણ ગણાતા સ્માર્ટ ફોનને જીવન નિર્વાહની અનિવાર્ય ચીજોમાં સ્થાન અપાવી દીધું. માર્કેટ રિસર્ચ કરતી કંપની કૈનાલિસના એક અહેવાલ અનુસાર ભારતમાં લોકડાઉનના એ ત્રિમાસિક ગાળા દરમિયાન સ્માર્ટફોનના વેચાણમાં આઠ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો. માત્ર ત્રણ જ મહિનાના ટૂંકા સમયગાળામાં અંદાંજે પાંચ કરોડ જેટલા નવા સ્માર્ટ ફોનનું વેચાણ થયું હતુ. ભારતમાં કોઈ એક ત્રિમાસિક સ્માર્ટ ફોન વેચાણના આંકડામાં આ રેકોર્ડ વેચાણ મોખરે છે. ચીન સાથેના તનાવ અને અન્ય વ્યાપારી કારણોસર ચીની બનાવટના સ્માર્ટ ફોનના વેચાણમાં ઘટાડો થશે તેમ માનવામાં આવતું હતું, પણ વાસ્તવિકતા ધારણાથી સાવ જુદી જ છે. ભારતમાં ફોનઘેલા લોકોની સંખ્યા અધિક છે. તેમને ભોજન મોડું મળે તો ચાલે પણ ફોન ઘરે ભૂલી જવાય એ ન ચાલે. હવે તો ફોન દિવસ દરમિયાન મહત્ અંશે સહુના અને વહુના હાથનું ઘરેણું બની ગયા છે.

વડાપ્રધાને સ્થાનિક કે ભારતીય ઉત્પાદનો ખરીદવાની પુનરપિ જે વિનંતી કરી તેનો પડઘો પ્રજાના અભિવર્તનોમાંથી અદ્યાપિ પ્રાપ્ત નથી. હજુ આજે પણ ચીન ભારતમાંથી કમાયેલા અઢળક નાણાંથી ભારત સાથે લડવાના શસ્ત્રો ખરીદે છે. ભારતીય પ્રજા હજુ પણ ચીની ઉત્પાદનો ખરીદવામાં મોખરે છે. વેચાણના આંકડાઓ દર્શાવે છે કે ચીનની સાથેના તનાવની કોઈ અસર તેમની ધરતી પર તૈયાર થયેલા સ્માર્ટ ફોનની ખરીદી કરનારા ભારતીય ગ્રાહકો પર પડી ન હતી. તેમણે તો પોતાના બજેટ, જરુરિયાત અને અન્ય કારણોને પ્રાધાન્ય આપતાં મોબાઈલની ખરીદી કરી હતી. સ્માર્ટફોનના બજારમાં તમામ ચીની કંપનીઓની ભાગીદારી આશરે 76 ટકા જેટલી રહી હતી. આ સિવાય બજાર માટે સર્વે કરીને આંકડા એકઠા કરતી કંપની ટેકઆર્કે તો તેના અન્ય એક રિપોર્ટમાં જણાવ્યું છે કે એના પછીના બે મહિનામાં સ્માર્ટ ફોનના વેચાણમાં 36 ટકા જેટલો અધધ વધારો થયો હતો.

અહીં એ બાબત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે સંપૂર્ણ લોકડાઉન લાગુ થવાથી શરૂઆતના કેટલાક સમય સુધી તો સ્માર્ટ ફોનના વેચાણને પણ ફટકો પડ્યો હતો. જૂનના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સ્માર્ટ ફોનના વેચાણમાં વીસ ટકા જેટલો ઘટાડો થશે, કારણ કે ડિમાન્ડમાં જબરજસ્ત ઘટાડો થતાં તેના પુરવઠાને પણ અસર પડી હતી. આખા દેશમાં જ્યારે સંપૂર્ણ લોકડાઉન લાગુ હતું, ત્યારે લગભગ તમામ આર્થિક પ્રવૃત્તિઓ ઠપ થઈ ગઈ હતી અને આવક બંધ થઈ હોવાથી કે ઓછી થઈ હોવાથી લોકો ખર્ચ કરવાનું ટાળતા. વળી, ઓનલાઈન સ્માર્ટ ફોનની ડિલિવરી પણ બંધ કરી દેવામાં આવી હતી, જેના કારણે પણ વેચાણ પર અસર થઈ હતી.

દુકાનો પણ બંધ હતી, જેના કારણે સ્માર્ટ ફોન સહિતની મોટાભાગની ઈલેક્ટ્રોનિક ચીજોની ખરીદી પણ શક્ય ન હતી. જો કે હવે આર્થિક પ્રવૃત્તિઓ ધમધમતી થઈ ચૂકી છે. શિક્ષણ, જરુરિયાતની ચીજોની ખરીદી, બેન્કિંગ વગેરે જેવી તમામ પ્રવૃત્તિઓ ઓનલાઈન થઈ ચૂકી છે, ત્યારે સ્માર્ટ ફોનના વેચાણનો આંક ઉંચો જવા માંડ્યો છે. સ્માર્ટ ફોનની દુનિયામાં પણ ક્રાંતિ આવી રહી છે, અને હવે સામાન્ય વ્યક્તિ પણ ટેક્નોસેવી થઈ રહ્યો છે, ત્યારે સ્માર્ટફોન એક પ્લેટફોર્મ સમાન છે. જેમ ઈન્ટરનેટ વિના આધુનિક દુનિયાનું એક પણ ડગલું શક્ય નથી, તેવું જ સ્માર્ટફોન માટે પણ કહી શકાય. માણસજાત એના અનુભવમાંથી કંઈક શીખતી રહે છે એમ સમાજ વિજ્ઞાનીઓ કહે છે પરંતુ લોકડાઉન જેવા કપરાકાળમાંથી લોકો કંઈ શીખ્યા નથી એવું લાગે છે.

કોરોનાના પ્રભાવથી વડિલો અને બાળકોને બચાવવા એ તમામની પ્રાથમિકતા છે અને આ જ કારણે શરુઆતમાં જ શિક્ષણ સંસ્થાનોના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના અભ્યાસમાં અને શિક્ષણના પ્રવાહમાં અવરોધ ન ઊભો થાય તે માટે ઓનલાઈન અને હાઈટેક વર્ગખંડો રાતોરાત અસ્તિત્વમાં આવી ગયા હતા. હવે તેમાં હાજરી પૂરાવવા માટે કોમ્પ્યુટર કે સ્માર્ટફોનની અનિવાર્યતાને કોઈ નકારી શકે તેમ નથી. બાળકોના અભ્યાસને ભારતીય સંસ્કૃતિમાં સર્વોપરિ પ્રાધાન્યતા પ્રાપ્ત છે અને આ જ કારણે ટૂંકી અને મધ્યમ આવક ધરાવતા કુંટુંબોએ પોતાની અન્ય જરુરિયાતો અને ખર્ચ પર કાપ મૂકીને પણ તે નાણાંને સ્માર્ટફોનની પાછળ વાપર્યા છે કે તેમને આ ખર્ચ કરવા માટે બાદ્ય કરવામાં આવ્યા છે, તેમ પણ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

આ ઉપરાંતના સંયોગો જુઓ તો ઓનલાઈન ખરીદીની બોલબાલા પણ વધી હતી. વસ્ત્રો-ઉપકરણોથી માંડીને દવા-શાકભાજી અને કરિયાણાની ખરીદી માટે કોરોના કાળમાં પોતાની જાતને જોખમમાં મૂકવાને બદલે અનેક નવા લોકોએ ઓનલાઈન શોપિંગની દુનિયામાં પ્રવેશ મેળવી લીધો હતો. જે પણ આધુનિક સંચાર ઉપકરણની વેચાણ વૃદ્ધિના પાયામાં છે. આ બધા સિવાય ઘણા બધા ક્ષેત્રો એવા છે કે જેની સેવાઓ લેવા માટે ઈન્ટરનેટ પર આધારિત રહેવું પડે છે અને આ જ કારણે મિની કોમ્પ્યુટર તરીકે ઉપયોગમાં આવતા સ્માર્ટફોનના માર્કેટમાં તેજી આવી હતી.

## સાવરકુંડલા નગરપાલિકામાં પ્રમુખ પદે નયનાબેન કાપડીયા અને ઉપપ્રમુખ પદે નૂતનબેન તન્ના સહિતના હોદ્દેદારોની વરણી સંપન્ન

**ભાજપના ગઢ સમાન સાવરકુંડલા નગરપાલિકામાં સર્વાનુમતે 'વિકાસની નવી ટીમ' જાહેર થતાં જ કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ, વિજયોત્સવ મનાવાયો**

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



સાવરકુંડલા,તા.૧૯/૦૫/૨૦૨૬: આજ રોજ સાવરકુંડલા નગરપાલિકાના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા નગરપાલિકાના ઉપરના માળે આવેલ હોલ ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ અને ગરિમામય માહોલમાં સંપન્ન થઈ હતી.

ભારતીય જનતા પાર્ટી (BJP) સંગઠન દ્વારા સર્વાનુમતે સાવરકુંડલા નગરપાલિકાના નવા પ્રમુખ તરીકે શ્રીમતી નયનાબેન અતુલભાઈ કાપડીયા* અને ઉપપ્રમુખ તરીકે શ્રીમતી નૂતનબેન પરાગભાઈ તન્નાની સત્તાવાર વરણી કરવામાં આવી છે.આ ઉપરાંત નગરપાલિકાના વહીવટને વધુ સુદ્રઢ, પારદર્શક અને વેગવાન બનાવવા માટે કારોબારી ચેરમેન તરીકે શ્રી જીગ્નેશભાઈ પરષોત્તમભાઈ ટાંક, શાસક પક્ષના નેતા તરીકે શ્રી દિનેશભાઈ બાબુભાઈ રાઠોડ તેમજ પક્ષના દંડક તરીકે શ્રી અરવિંદભાઈ શ્યામજીભાઈ મેવાડા ની મહત્વની જવાબદારી માટે નિમણૂક કરવામાં આવી છે.

આ તકે લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ નવનિયુક્ત ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતુ કે, "સાવરકુંડલાના સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસ માટે આ નવી ટીમ એક નવી ઊર્જા, જોશ અને સંકલ્પ સાથે કામ કરશે. છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો સીધા પહોંચે અને શહેરની આંતરમાળખાકીય સુવિધાઓ તેમજ રોડ-રસ્તા, પાણી અને લાઈટ જેવા પ્રજાલક્ષી કાર્યો વધુ મજબૂત બને તે અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે. આ નવી વરણીથી સાવરકુંડલાના વિકાસ કાર્યોને એક નવી દિશા અને નવો વેગ મળશે."આ ગરિમાપૂર્ણ પ્રસંગે સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર, સંગઠનના તમામ પદાધિકારીઓ, નગરપાલિકાના ચૂંટાયેલા તમામ સદસ્યશ્રીઓ, વિવિધ મોરચાના પ્રમુખો અને વિશાળ સંખ્યામાં પક્ષના ઉત્સાહી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુક્ત પ્રમુખ નયનાબેન કાપડીયા અને ઉપપ્રમુખ નૂતનબેન તન્ના સહિતની સમગ્ર ટીમે પક્ષના મોવડીમંડળ, ધારાસભ્યશ્રી અને સાવરકુંડલાની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને નગરની જનસુખાકારીના કાર્યોને વરેલા રહેવાનો દ્રઢ સંકલ્પ જાહેર કર્યો હતો. વરણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ ઉપસ્થિત અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ નવી ટીમને પુષ્પગુચ્છ અર્પણ કરી, પેંડા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું અને ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવી ઉત્સાહભેર વધાવી લીધા હતા.

**લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના મજબૂત માર્ગદર્શન હેઠળ નવનિયુક્ત ટીમે સંભાળી જવાબદારી; સમગ્ર નૂતન સંગઠને ધારાસભ્યશ્રી અને પક્ષના મોવડીમંડળનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો**








**આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં હોસ્પિટલનો શુભારંભ**

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમરેલી જિલ્લાના રાજુલા મુકામે નિર્મિત ૧૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનું લોકાર્પણ

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી, તા. ૧૩ મે, ૨૦૨૬ (બુધવાર) : રાજુલા પંથકના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજુલા મુકામે "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત આ ૧૦૦ બેડની નિશુલ્ક હોસ્પિટલ થકી રાજુલા સહિત આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં હોસ્પિટલનો શુભારંભ થયો હતો.

આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ હોસ્પિટલ શરૂ થતાં રાજુલા પંથકના દર્દીઓને સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થશે અને સ્થાનિક સ્તરે જ સમયસર અને ઉત્તમ સારવાર મળી શકશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હૉસ્પિટલના આઈ.સી.યુ, ટ્રોમા સેન્ટર, ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કરી અને સેવાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સેવાઓ રાજુલા પંથકમાં શરૂ કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક સભ્યશ્રી રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરને અભિનંદન આપતા સર્વે ટ્રસ્ટીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુની પ્રેરણાથી મૂળ રાજુલાના ઉદ્યોગપતિશ્રી, સ્વ.અનિલકુમાર નંદલાલ મહેતા પરિવાર દ્વારા રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૯માં "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"ની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ઓ.પી.ડી. અને ડાયાલીસીસ જેવા વિભગોમાં પ્રતિદિન દરરોજ ૧૦૦ દર્દીઓની નિ:શુલ્ક સારવાર કરવામાં આવતી હતી, જેના થકી આ યોજનાનો પાયો નંખાયો હતો.

વર્ષ ૨૦૧૯માં ૦૩ ઓક્ટોબરના રોજ આ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ હૉસ્પિટલની સંપૂર્ણ સેવાઓ આગામી ટૂંક સમયમાં શરૂ થશે, જ્યારે ઓ.પી.ડી સહિતની કેટલીક સેવાઓ ગુરૂવારથી શરૂ થશે. હૉસ્પિટલમાં લેબોરેટરી, મેડિકલ સ્ટોર અને ભોજનાલય જેવી સેવાઓ પણ આપવામાં આવશે. દાતાઓના સહયોગથી નિર્મિત આ હૉસ્પિટલ માનવસેવાના ઉત્તમ સંકલ્પનું પ્રતિક બની રહેશે. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલ આ સેવા કાર્યથી આ વિસ્તારના હજારો પરિવારોને સીધો લાભ મળશે.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી અંબરીશભાઈડેર, શ્રી અજયભાઈ મહેતા, દાતાઓ શ્રી માયાભાઈ આહીર સહિત રાજુલાના રહેવાસીઓએ હોસ્પિટલના પ્રાંગણમાં અભિવાદન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, રાજુલા જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા લીલીયા મતવિસ્તાર ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જાડેજા, એ.એસ.પી.શ્રી જયવીર ગઢવી, સ્થાનિક અગ્રણીશ્રીઓ, તબીબો તેમજ હોસ્પિટલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.







**મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલની વિવિધ સેવાઓનું નિરીક્ષણ કરી અને પંથકના નાગરિકોના નિરામય ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી : હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી, બાળરોગ સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિશુલ્ક ઉપલબ્ધ થશે.. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા દર્દીઓને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર મળશે**

# જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

**જિલ્લામાં રાસાયણિક ખાતર અન્ય જરૂરી પુરવઠાની ઉપલબ્ધતાની સમીક્ષા કરતા જિલ્લા કલેક્ટરશ્રી**

**સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, ધારસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જનકભાઈ તળાવિયા, શ્રી જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિ**

અમરેલી તા.૧૬ મે,૨૦૨૬ (શનિવાર) - અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, ધારસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જનકભાઈ તળાવિયા, શ્રી જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિ પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓના અગાઉના પેન્ડિંગ પ્રશ્નો જેમ કે, રસ્તાઓ, જમીન માપણી, વીજ જોડાણ, જંગલ કટીંગપાણી પુરવઠા, માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકાને લગત પ્રશ્નોને લઈને હાલ સુધીની પ્રગતિલક્ષી કામગીરી અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ સમીક્ષા હાથ ધરીને સંબંધિત અધિકારીશ્રીને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ મુદ્દે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે સમીક્ષા હાથ ધરી જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લામાં રાસાયણિક ખાતર, અન્ય જરૂરી પુરવઠાનો નિયમિત પ્રવાહ સહિતના મુદ્દે સમીક્ષા કરી અને જરૂરી પુરવઠો જળવાઈ રહે તે માટે દિશાનિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લાના જનપ્રતિનિધિશ્રીઓના પ્રશ્નોનું આંતરિક સંકલનથી હકારાત્મક નિરાકરણ લાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં નાયબ વન સંરક્ષકશ્રી ધારી વિકાસ, એ.એસ.પીશ્રી, જયવીર ગઢવી યાદવ, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.જે.જાડેજા, નિવાસી અધિક કલેક્ટર શ્રી દિલિપસિંહ ગોહિલ, પ્રાંત અધિકારીશ્રી લાઠી, સાવરકુંડલા, બગસરા, ધારી, વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેરી પુરાણ..રાણી પસંદથી મીયાઝાકી, બે લાખની કિંમતની કેરીઓ પણ મળે છે...

ઋતુરાજ વસંતની વિદાય થાય અને આકરા ઉનાળાના સૂર્યનારાયણ પોતાના પ્રકોપની શરૂઆત કરે, ત્યારે ભારતીય ઉપખંડના પ્રત્યેક આબાલવૃદ્ધના મોંમાં એક જ નામ સાંભળીને પાણી આવી જાય છે 'કેરી'. ફળોનો રાજા ગણાતી કેરી માત્ર એક ફળ નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, પરંપરા અને સ્વાદનો પરમ વૈભવ છે. ભારતમાં કેરીનો ઈતિહાસ એટલો જ જૂનો છે જેટલી આપણી સનાતન સંસ્કૃતિ. ચાલો આજે આ રસપ્રદ અને સ્વાદિષ્ટ સફરે નીકળીએ અને જાણીએ 'કેરી પુરાણ' ના અવનવા પાના.

શ્રી કેરી પુરાણ: ઉત્પત્તિથી લઈને વિશ્વની સૌથી મોંઘી મિયાઝાકી સુધીની રસપ્રદ સફરભારતમાં જે રીતે વેદ અને પુરાણોનું મહત્ત્વ છે, તે જ રીતે ભારતીયોના રસોડામાં અને હૃદયમાં 'કેરી'નું સ્થાન છે. તેથી જ આ રસદાર ફળની ગાથાને જો 'કેરી પુરાણ' કહેવામાં આવે તો અતિશયોક્તિ નથી.

૧. કેરીની ઉત્પત્તિ અને પૌરાણિક ઈતિહાસ

કેરી (જેનું વૈજ્ઞાનિક નામ Mangifera indica છે) ની ઉત્પત્તિ આજથી લગભગ ૪૦૦૦ થી ૫૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઉપખંડ (ખાસ કરીને ભારત અને મ્યાનમારની સરહદની આસપાસના વિસ્તારો) માં થઈ હોવાનું માનવામાં આવે છે. વૈજ્ઞાનિકો અને ઈતિહાસકારોના મતે, ભારતના પૂર્વ-ઉત્તર હિસ્સામાંથી આ ફળ ધીમે-ધીમે સમગ્ર વિશ્વમાં ફેલાયું.

પૌરાણિક અને વૈદિક સંદર્ભો:ઉપનિષદ અને રામાયણ: આપણા પ્રાચીન ગ્રંથો, બૌદ્ધ જાતક કથાઓ અને રામાયણ-મહાભારતમાં પણ 'આમ્રવૃક્ષ' (આંબાના ઝાડ) નો ઉલ્લેખ જોવા મળે છે.

૨. કેરી ઉતારવાનો શ્રેષ્ઠ સમય: રોહિણી નક્ષત્રન

૩. દેશ અને દુનિયાની પ્રખ્યાત કેરીઓનું લિસ્ટ

સમગ્ર વિશ્વમાં કેરીની ૧૦૦૦ થી વધુ જાતો જોવા મળે છે, જેમાંથી ભારત એકલું જ સેંકડો સ્વાદિષ્ટ જાતોનું ઘર છે. ચાલો નજર કરીએ દેશ અને દુનિયાની ટોચની કેરીઓ પર:

ભારતની પ્રખ્યાત કેરીઓ:૧. ગિરની કેસર (ગુજરાત): ગુજરાતનું ગૌરવ. જૂનાગઢ અને ગીરની કેસર કેરી તેના કેસરી રંગ, તીવ્ર સુગંધ અને અદ્ભુત મીઠાશ માટે વિશ્વભરમાં જી.આઈ. ટેગ (GI Tag) ધરાવે છે.૨. હાફુસ / અલ્ફોન્સો (મહારાષ્ટ્ર): રત્નાગિરી અને દેવગઢની હાફુસને 'કેરીઓનો રાજા' કહેવામાં આવે છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ નિકાસ થતી મોંઘી કેરી છે.૩. દશેરી (ઉત્તર પ્રદેશ): મલિહાબાદની દશેરી કેરી તેની લાંબી લંબગોળ સપાટી અને અત્યંત મીઠા પલ્પ માટે જાણીતી છે.૪. ચૌંસા (બિહાર/યુપી): શેરશાહ સૂરીએ હુમાયુને હરાવ્યા બાદ આ કેરીનું નામ 'ચૌંસા' રાખ્યું હતું. આ ખૂબ જ ગળી અને રસદાર હોય છે.૫. લંગડો (ઉત્તર પ્રદેશ/બિહાર): આ કેરી પાક્યા પછી પણ લીલા રંગની જ દેખાય છે, પરંતુ તેનો સ્વાદ અજોડ હોય છે.૬. તોતાપુરી (દક્ષિણ ભારત): પોપટની ચાંચ જેવા આકારની આ કેરી સલાડ અને અથાણાં તેમજ મેંગો જ્યુસ ઉદ્યોગમાં બહુ વપરાય છે.૭. બદામી અને નીલમ: કર્ણાટક અને આંધ્રપ્રદેશની આ જાતો પણ દેશભરમાં લોકપ્રિય છે.૮. રાજાપુરી અને વલસાડી હાફુસ (ગુજરાત): અથાણાં માટે રાજાપુરી અને ખાવા માટે દક્ષિણ ગુજરાતની હાફુસ ઉત્તમ મનાય છે.



વિશ્વની પ્રખ્યાત કેરીઓ:

કિટ્ટ (Keitt) અને ટોમી એટકિન્સ (અમેરિકા/ફ્લોરિડા): આ કેરીઓ દેખાવમાં લાલ-લીલી અને કદમાં મોટી હોય છે, જોકે ભારતીય કેરીઓ જેટલી મીઠી નથી હોતી.

નામ ડોક માઈ (થાઈલેન્ડ): આ થાઈલેન્ડની સૌથી પ્રખ્યાત કેરી છે, જે પીળા રંગની અને લાંબી હોય છે. ત્યાં આને સ્ટીકી રાઈસ સાથે ખાવામાં આવે છે.

કારાબાઓ (ફિલિપાઈન્સ): ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં એક સમયે આ કેરીને વિશ્વની સૌથી મીઠી કેરી તરીકે સ્થાન મળ્યું હતું.




સિંધરી અને અન્વર રટોલ (પાકિસ્તાન): પાકિસ્તાનના પંજાબ અને સિંધ પ્રાંતની આ મુખ્ય જાતો છે.

૪. કેરીઓના સરેરાશ ભાવકેરીના ભાવ તેની ગુણવત્તા, સિઝનની શરૂઆત કે અંત અને બજારની આવક પર આધાર રાખે છે. સામાન્ય રીતે ભારતીય બજારોમાં સરેરાશ ભાવો આ મુજબ જોવા મળે છે:

કેરીની જાત સરેરાશ ભાવ (પ્રતિ બોક્સ / કિલો)

* ગીરની કેસર -૬૦૦ થી ૧,૫૦૦ (૧૦ કિલોના બોક્સના)

રત્નાગિરી હાફુસ -૧,૫૦૦ થી ૪,૫૦૦ (૪ થી ૫ ડઝન ના) * દશેરી / લંગડો -૬૦ થી ૧૨૦ પ્રતિ કિલો

તોતાપુરી / બદામી - ૪૦ થી ૮૦ પ્રતિ કિલો(નોંધ: સિઝનની શરૂઆતમાં એટલે કે માર્ચ-એપ્રિલમાં હાફુસ અને કેસરના ભાવ આનાથી પણ ડબલ કે ત્રણ ગણા હોઈ શકે છે.)

૫. વિશ્વની સૌથી મોંઘી કેરી: મિયાઝાકી (Miyazaki Mango)હવે વાત કરીએ કેરી જગતના 'કોહિનૂર હીરા'ની, જેનું નામ સાંભળીને સામાન્ય માણસના હોશ ઊડી જાય. આ છે જાપાનની 'મિયાઝાકી કેરી'. મિયાઝાકી કેરીની રોચક વિગતો:

નામકરણ અને સ્થાન: આ કેરી જાપાનના ક્યુશુ પ્રાંતના 'મિયાઝાકી' શહેરમાં ઉગાડવામાં આવે છે, તેથી તેનું નામ મિયાઝાકી પડ્યું છે.બીજું નામ: જાપાનમાં આને 'તાઈયો નો તામાગો' (Taiyo no Tamago) કહે છે, જેનો અર્થ થાય છે 'સૂર્યનું ઈંડું' (Egg of the Sun). આ કેરી પાક્યા પછી એકદમ ઘેરા લાલ કે જાંબલી રંગની સૂર્ય જેવી દેખાય છે. કિંમત કેટલી?આંતરરાષ્ટ્રીય બજારમાં મિયાઝાકી કેરીની કિંમત અંદાજે ૨.૫ લાખ થી ૩ લાખ પ્રતિ કિલો સુધીની હોય છે! હા, તમે બરાબર વાંચ્યું. આ કિંમતમાં ભારતમાં એક નાની કાર અથવા તો મોંઘી બાઈક ખરીદી શકાય. તેની હરાજીમાં એક-એક જોડી (બે નંગ) લાખો રૂપિયામાં વેચાય છે. આટલી મોંઘી કેમ છે?

૧. ખાસ માવજત: આ કેરી ખુલ્લા ખેતરોમાં નહીં, પરંતુ અત્યંત હાઈ-ટેક ગ્રીનહાઉસમાં ઉગાડવામાં આવે છે. દરેક કેરીની આસપાસ એક ઝીણી જાળી બાંધવામાં આવે છે. સૂર્યપ્રકાશ દરેક ખૂણે સરખો પડે તે માટે તેને વારંવાર ફેરવવામાં આવે છે.૨. કુદરતી પતન: આ કેરીને ક્યારેય હાથથી તોડવામાં આવતી નથી. જ્યારે તે પૂરેપૂરી પાકી જાય, ત્યારે તે આપોઆપ ઝાડ પરથી નીચે ખરી પડે છે અને નીચે બાંધેલી જાળીમાં ઝીલાઈ જાય છે.૩. કડક ક્વોલિટી કંટ્રોલ: જે કેરીનું વજન ઓછામાં ઓછું ૩૫૦ ગ્રામ હોય અને જેમાં શુગરનું પ્રમાણ (Sugar Content) ૧૫% કે તેથી વધુ હોય, તેને જ 'મિયાઝાકી'નું પ્રમાણપત્ર મળે છે.૪. ભેટ આપવાની પરંપરા: જાપાનમાં આ કેરી લોકો હોસ્પિટલમાં દર્દીઓની મુલાકાતે જાય ત્યારે અથવા બિઝનેસ ડીલ્સમાં ખાસ લક્ઝરી ગિફ્ટ તરીકે આપે છે.(રસપ્રદ વાત એ છે કે હવે ભારતના મધ્યપ્રદેશ અને ગુજરાતના કેટલાક પ્રગતિશીલ ખેડૂતોએ પણ પ્રાયોગિક ધોરણે મિયાઝાકી કેરી ઉગાડવાનું શરૂ કર્યું છે અને તેની સુરક્ષા માટે ખેતરોમાં સિક્યુરિટી ગાર્ડ અને શ્વાન રાખવા પડે છે!)

ઉપસંહાર (Conclusion) : કેરી એ માત્ર સ્વાદની તૃપ્તિ નથી, તે ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે. તોરણમાં આસોપાલવની સાથે આંબાના પાન શુભ ગણાય છે, લગ્નપ્રસંગે તેના લાકડા-પાન પૂજાય છે, અને ઉનાળાના બપોરે ઠંડો-ઠંડો કેરીનો રસ અને પૂરી એ ભારતીય મધ્યમવર્ગનો પરમ આનંદ છે.ભલે દુનિયામાં લાખો રૂપિયાની મિયાઝાકી મળતી હોય, પણ એક સાચા ગુજરાતી માટે તો વલસાડની હાફુસ અને ગીરની કેસરના રસનો જે સ્વાદ છે, તેની સામે દુનિયાના તમામ વૈભવ ફીકા છે. આ ઉનાળે રોહિણી નક્ષત્રના પ્રારંભે આંબાના મોરમાંથી બચેલી કુદરતની આ અમૂલ્ય ભેટનો ભરપૂર આનંદ માણો, કારણ કે આ જ તો છે અસલી 'કેરી પુરાણ'!લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી પર આવતા શો ભાઈ..ભાઈ અને બોલ બચ્ચનના એન્કર છે, હાલ ટીવી 13 ગુજરાતીના એસોસિએટ એડિટર છે.

વોટ્સએપ પ્રતિભાવ માટે -9909941536

# ગગને ગુરુ દર્શનમ્

આ સમગ્ર બ્રહ્માંડ ના અતિ વિશાળ વ્હોમ (આકાશ) માં અગણિત તારાઓ,નક્ષત્રો,નિહારિકાઓ અને ગ્રહ મંડળ રહેલું છે.આ ગોળાકાર આકાશ ના (360 અંશ ના) આપણા ઋષિ મુનિઓ એ બાર ભાગ ( રાશીઓ સ્વરૂપે) પાડ્યા છે.દરેક નિશ્ચિત ભાગ માં સુંદર તારા મંડળ ના જુદા જુદા આકાર ના પણ સત્યાવીસ(નક્ષત્રો સ્વરૂપે) ભાગ પાડી તેમાં આ બાર ભાગો ને સ્થાપિત કર્યા. આ આખા આકાશ મંડળ માં નવ ગ્રહો દ્વારા માનવ જીવન ઉપર પડતી તેની સારી નરસી અસરો નો અભ્યાસ મોટા સાઈન્ટિસ્ટો ની જેમ આ ઋષિઓ કરતાં આવ્યા.તેના આ વિશાળ જ્ઞાન માં થી જ્યોતિષનો જન્મ થયો.પૃથ્વી નો નાનો એવો ઉપગ્રહ ચંદ્ર જો પુનમ અને અમાસ માં આખા વિશ્વ ના સમુદ્ર ઉપર અસર કરતો હોય તો તેના કરતાં અનેક અનેક ગણા મોટા ગ્રહો તેની થોડી ઘણી અસરો દર્શાવતા જ હશે ને!!!!.ખગોળ શાસ્ત્ર અને આકાશ દર્શન ના શોખીનો માટે હાલ માં સાંજ ના 07/30 થી 08/30 ની વચ્ચે સુંદર બે ખગોળીય ગ્રહો એક બીજા પાસે તેને સ્પર્શ કરવા,ભેટવા માટે આતુર હોય તેમ એકબીજા ની ખૂબ નજીક આવી રહ્યા છે અને બન્ને ગુરુ છે.

એક છે દેવગુરુ બૃહસ્પતિ તો બીજા છે અસુર ગુરુ શુક્રાચાર્ય.

દેવગુરુ બૃહસ્પતિ

આકાશ માં ઢળતી સાંજે ઉપર ના સમયે પશ્ચિમ દિશા તરફ જે આછા પીળા રંગ ના તેજસ્વી તારા ને આપણે જોઈએ છીએ તે છે ગુરુ.(Jupiter). જે અત્યારે રાશી મંડળ ની ત્રીજી મિથુન રાશી માં જોવા મળે છે.

પૌરાણિક માન્યતા- વાયુ પુરાણ અનુસાર ગુરુ ઋષિ અંગીરા ના પુત્ર છે.જેની માતા નું નામ સુનયના છે.ઋગ્વેદ મુજબ બૃહસ્પતિ અત્યંત સુંદર અને દેવતાઓ ના ગુરુ છે આથી જ બૃહસ્પતિ ને ગુરુ કહેવા માં આવે છે.તેને જ્ઞાન સન્માન અને વિધ્વતાનો અધિપતિ માનવામાં આવે છે. સંપત્તિ સંતતિ અને મેઈલ ચાઈલ્ડ નો આપનાર ગુરુ ગ્રહ છે.

વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ- વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ મુજબ ગુરુ આપણી પૃથ્વી થી 590627780 કિલોમીટર દૂર રહેલો છે.તેનો વ્યાસ 142984 કિલોમીટર નો રહેલો છે.તે સૂર્ય ની પરિક્રમા તેર (13) વર્ષે પૂરી કરે છે.એક રાશી માં તે અંદાજે તેર (13) મહિનો રહે છે.



કારક- ગુરુ ગ્રહ ધન અને મીન રાશી નો અધિપતિ છે.વિદ્યા,શુભત્વ, યજ્ઞ સત્કર્મ બ્રાહ્મણ, દેવતા મિત્ર નો કારક માનવામાં આવે છે.પોઝિટિવિટી નો દાતા ગુરુ છે .ગુરુના અશુભ ફળને કારણે વ્યક્તિ વિદ્યાવિહિન્ નિસ્તેજ અને નિસંતાન જોવા મળે છે. ગુરુની દ્રષ્ટિ જે ભાવ ઉપર પડે છે તે ભાવમાં તે શુભ ફળ આપે છે.પુનર્વસુ, વિશાખા અને પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર નો તે સ્વામી છે.

દેહ માં તેની સ્થિતિ મસ્તક,ચરબી દ્વારા જાણી શકાય છે.તેની ધાતુ સોનુ છે.ગુરુ ના 28 ઉપગ્રહો શોધાઈ ચૂક્યા છે.

અસુર ગુરુ શુક્રાચાર્ય- સૌર મંડળ માં સહુ થી સુંદર પ્રકાશિત અને ચમકીલો કોઈ ગ્રહ હોય તો તે શુક્ર(venus )છે.તેની ચમક અત્યંત સુખદાયી અને સફેદ જોવા મળે છે.

પૌરાણિક માન્યતા- પૌરાણિક માન્યતા મુજબ શુક્ર મહર્ષિ ભૃગુ ( ભૃગુ સંહિતા ના રચયિતા) ના પુત્ર અને દૈત્યો ના ગુરુ છે.યોગ ના ઉતમ આચાર્ય તરીકે તેમની નામના છે.શિવ ઉપાસના દ્વારા મૃત્ય સંજીવની વિદ્યા ના અધિપતિ,અનેક રસો અને મંત્રો ના સ્વામી છે. સ્વયમ્ તપસ્વી અને જ્ઞાનવાન છે.શક્તિ શાળી ગ્રહો માં તેનું સ્થાન છે.વ્યક્તિ નું વ્યક્તિત્વ તેને આભારી છે.

વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ- વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ મુજબ શુક્ર સૂર્ય મંડળ થી બીજો ગ્રહ છે.તે પૃથ્વી થી 39360000 કિલોમીટર દૂર છે.તેનો વ્યાસ 12104 કિલોમીટર રહેલો છે.સૂર્ય ની પરિક્રમા કરતા તેને 243 દિવસ લાગે છે.એક રાશી માં અંદાજે છવ્વીસ થી સત્યાવીસ દિવસ રહે છે.તમામ ગ્રહો માં કોમળ,સુખદાતા,અને દૂધ જેવા સફેદ જોવા મળે છે.

કારક- શુક્ર વૃષભ અને તુલા રાશી નો અધિપતિ છે.તેને સદાય શુભ ગ્રહ ની ઉપમા આપવા માં આવે છે.જીવનસાથી, સુકુમારતા,સુંદરતા,ગીત,સંગીત,નૃત્ય કલા નો અધિપતિ શુક્ર છે.નબળો શુક્ર જીવન માં હલકાપણું, નિર્લજ્જતા અને નબળી વાણી ને આપનાર બની શકે છે.ભરણી, પૂર્વા ભાદ્રપદ અને પૂર્વાશાઢા

નક્ષત્રો નો સ્વામી શુક્ર છે.આપણા દેહ માં તેજસ્વીતા, પગ,વાયુ અને કફ નો કારક માનવામાં આવે છે.મૂત્રાશય ને લગતા રોગો નબળા શુક્ર ની નિશાની છે.તેની ધાતુ પ્લેટિનમ છે.

આવા બળવાન બંને ગ્રહો કે જે દેવ અને અસુરો ના ગુરુ છે.તેની યુતિ (સાથે સાથે હોવું) આગામી દિવસોમાં નરી આંખે જોવા નો દુર્લભ લ્હાવો કે જે વર્ષે માંડ એકાદ વાર આવે છે.તે હાલ માં પશ્ચિમ દિશા માં દરરોજ સાંજે 07/30 થી 08/30 દર્શન આપે છે.આવા વિરલ દર્શન નો લાભ લઈ તેની અખંડ કૃપા પ્રાપ્ત કરીએ.દરરોજ આકાશ દર્શન દ્વારા આ ગ્રહો ને પણ વિચરણ કરતા અનુભવીએ.

શુભમ ભવતુ



**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક) (વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.

# સુરજવડી અને શેલડેડુમલ ડેમના જળ સંચયના કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

**સાવરકુંડલામાં જળ સંચયને મજબૂતી ૬ કરોડ ના ખર્ચે સુરજવડી અને શેલદેદુમલને આ બંને ડેમ ઊંડા ઉતારવા તેમજ ડિસિલ્ટિંગ ની કામગીરીનો ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો**



**સુરજવડી ડેમના નિર્માણ બાદ પ્રથમ વખત મોટા પાયે ડીસલ્ટીગ થશે જેથી આજુબાજુના ૧૨ ગામોને થશે ફાયદો તેમજ શેલદેદુમલ ડેમ માં પણ ડીસલ્ટીગ થતા આજુબાજુના ૮ ગામોને થશે ફાયદો**

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના સુરજવડી ડેમ તેમજ શેલડેડુમલ ડેમ ખાતે ડિસિલ્ટિંગ તથા ડેમને વધુ ઊંડો ઉતારવાની કામગીરીનું ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા જળ સંચય અને પાણી બચતના ક્ષેત્રમાં સતત મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આશરે રૂ. ૬ કરોડના ખર્ચે આ બંને ડેમ ખાતે વિશાળ કામગીરી શરૂ કરવામાં આવી છે.

વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે, વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ થઈ શકે તેમજ ભૂગર્ભ જળસ્તરમાં વધારો થાય તે હેતુથી સુરજવડી ડેમ અને શેલડેડુમલ ડેમ ખાતે ડિસિલ્ટિંગ તેમજ ડેમને વધુ ઊંડો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સુરજવડી ડેમના નિર્માણ બાદ પ્રથમ વખત મોટા પાયે ડિસિલ્ટિંગ કામગીરી હાથ ધરવામાં આવતાં આજુબાજુના અંદાજે ૧૨ ગામોના ખેડૂતો અને ગ્રામજનોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે પાણી એ ગ્રામ્ય અર્થતંત્ર અને ખેડૂતો માટે જીવનદાયી સાધન છે. ડેમોની પાણી સંગ્રહ ક્ષમતા વધારવાથી ખેતી માટે લાંબા સમય સુધી પાણી ઉપલબ્ધ રહેશે, જેના કારણે ખેડૂતોને મોટી રાહત મળશે. સાથે જ વરસાદી પાણીના સંગ્રહમાં વધારો થતાં ભૂગર્ભ જળસ્તર પણ ઊંચું આવશે અને વિસ્તારના જળ સંચયને વધુ મજબૂતી મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા દૂર કરવા, જળ સંચય વધારવા અને ખેડૂતોને વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ રહી સતત વિકાસલક્ષી કામગીરી કરી રહી છે.

કાર્યક્રમ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માનવતાની મહેક

## સાવરકુંડલાના રજકાપીઠ વિસ્તારમાં છેલ્લા બે દાયકાથી ધમધમતું ઠંડા પાણીનું અવિરત પરબ




■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા ઉનાળાની શરૂઆત થતાં જ જ્યારે સૂર્યનારાયણ આકરા પાણીએ હોય છે અને તાપમાન ૪૫ ડિગ્રીની સપાટી વટાવી જાય છે, ત્યારે તરસ્યા ગળાને તૃપ્ત કરવાથી મોટું કોઈ પુણ્ય નથી. સેવાભાવી નગરી તરીકે જાણીતા સાવરકુંડલામાં આવી જ એક અદભુત, પ્રેરણાદાયી અને નિસ્વાર્થ જળસેવા છેલ્લા બે દાયકા એટલે કે ૨૦ વર્ષથી અવિરતપણે ચાલી રહી છે.

સાવરકુંડલાના વ્યસ્ત એવા રજકા પીઠ વિસ્તારમાં, નદી બજારમાં આવેલા મહાવીર એગ્રોની બિલકુલ સામે દર વર્ષે ચૈત્ર માસ એટલે કે ઉનાળાની શરૂઆતથી લઈને અષાઢ માસમાં ચોમાસાના પ્રારંભ સુધી આ ઠંડા પાણીનું પરબ રાત-દિવસ કાર્યરત રાખવામાં આવે છે. આ સેવા પ્રવૃત્તિની સૌથી મોટી અને પ્રશંસનીય વિશેષતા એ છે કે, આજના ડિજિટલ યુગમાં જ્યાં લોકો નાની અમથી સેવા પાછળ મોટો પ્રચાર કરતા હોય છે, ત્યારે આ પરબ કોઈપણ વ્યક્તિગત નામ કે આર્થિક લાભના પ્રચાર-પ્રસાર વિના, માત્ર અને માત્ર 'શ્રી સૂર્યમુખી હનુમાનજી મહારાજ' ના પવિત્ર નામથી જ શ્રદ્ધાપૂર્વક ચલાવવામાં આવે છે.

કાળઝાળ ગરમીના દિવસોમાં આ માર્ગ પરથી પસાર થતા હજારો રાહદારીઓ, મજૂરો, વાહનચાલકો અને પશુ-પંખીઓ સહિતના તમામ જીવમાત્ર આ પરબનું કાળજીપૂર્વક રાખેલું શીતળ જળ પીને તૃપ્તિનો અહેસાસ કરે છે અને ગરમીમાં મોટો હાશકારો અનુભવે છે.

કોઈપણ જાતના નામના મોહ વગર છેલ્લા ૨૦ વર્ષથી સતત વહી રહેલી આ જળધારા ખરેખર વંદનિય છે. આ ભગીરથ કાર્ય સાવરકુંડલાની ગૌરવશાળી સેવાની પરંપરાને વધુ ઉજાગર કરે છે અને સમાજમાં અન્ય સંસ્થાઓ તથા યુવાનો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે.

**૪૫ ડિગ્રીની કાળઝાળ ગરમીમાં સૂર્યમુખી હનુમાનજી મહારાજના નામે જીવમાત્રને તૃપ્તિ આપતી અદભુત જળસેવા**

# સાવરકુંડલામાં વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭ અંગે પ્રશિક્ષણ બેઠક સંપન્ન

## અમરેલી કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તંત્ર સજ્જ



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સમગ્ર ભારત વર્ષમાં આગામી સમયમાં યોજાનારી વસ્તી ગણતરી ૨૦૨૬-૨૭ અંતર્ગત અમરેલી જિલ્લા કલેક્ટરશ્રીની સૂચના અને માર્ગદર્શન અનુસાર સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

વસ્તી ગણતરીની આ કામગીરી કોઈ પણ ક્ષતિ વિના અને સંપૂર્ણ સફળતાપૂર્વક પાર પડે તેવા હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના ચાર્જ અધિકારી અને ચીફ ઓફિસરશ્રી સાવનકુમાર સતાણીના અધ્યક્ષ સ્થાને આ બેઠક સ્થાનિક કે. કે. હાઈસ્કૂલના સભાખંડ ખાતે યોજાઈ હતી.

રાષ્ટ્રીય મહત્વ ધરાવતા આ કાર્યને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા માટે મીટિંગ દરમિયાન ઉપસ્થિત તમામ ગણતરીકારો (Enumerators) અને સુપરવાઈઝરોને માસ્ટર ટ્રેનર્સ દ્વારા વિસ્તૃત અને ઝીણવટભરી સમજણ આપવામાં આવી હતી. વસ્તી ગણતરી દરમિયાન ફોર્મ કેવી રીતે ભરવા, ટેકનોલોજી અને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કેવી રીતે કરવો, અને નાગરિકો પાસેથી સચોટ વિગતો કઈ રીતે મેળવવી તે અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે તાલીમ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ચાર્જ અધિકારીશ્રી સાવનકુમાર સતાણીએ જણાવ્યું હતું કે, "વસ્તી ગણતરી એ દેશના ભવિષ્યની યોજનાઓ ઘડવા માટેનો પાયો છે. આ કામગીરીમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ન દાખવતા, દરેક ગણતરીકાર દેશભક્તિની ભાવના સાથે રાષ્ટ્રના આ મહાઅભિયાનમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે અને સાવરકુંડલા વિસ્તારમાં સો ટકા ચોકસાઈ સાથે કામગીરી પૂર્ણ થાય તે અનિવાર્ય છે."

આ મીટિંગમાં નગરપાલિકાના કર્મચારીઓ, શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓ તેમજ વસ્તી ગણતરીની કામગીરી સાથે જોડાયેલા તમામ ચાવીરૂપ સ્ટાફના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રાષ્ટ્રીય ફરજને સફળ બનાવવાનો સંકલ્પ લીધો હતો.

**ચાર્જ અધિકારી સાવનકુમાર સતાણીની અધ્યક્ષતામાં કે. કે. હાઈસ્કૂલ ખાતે માસ્ટર ટ્રેનર્સે ગણતરીકારોને આપી ઝીણવટભરી તાલીમ**

# રાજુલાના ખાંભલીયા ગામે રણુજા ધામ રામદેવપીરના નૂતન મંદિરમાં વાવડીયા પરિવાર દ્વારા ધ્વજા રોહણ કરવામાં આવ્યું...



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

શ્રી રણુજાધામ (ખાંભલીયા) દ્વારા આયોજીત નુતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે શ્રી કાળુભાઇ મેણસીભાઇ વાવડીયા પરિવાર દ્વારા ધ્વજારોહણ મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

રાજુલાના દેવકા ખાતેથી વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા સાથે ખાંભલીયા રણુજા ધામ રામદેવપીરના મંદિરે ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું જેમાં જીણારામ બાપુ, મોંઘી બા ની જગ્યા શિહોર, ઉર્જા મૈયા બારપટોળી, મહેશ બાપુ પીપાવાવ ધામ,નાગભારતી બાપુ ભેરાઇ, પ્રખ્યાત વક્તા શાસ્ત્રી શ્રી મનસુખ દાદા પુરોહિત, અમરદાસ બાપુ નીંગાળા સહિત સાધુ-સંત તેમજ સામાજીક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા તાલુકાના નાનાઝીંઝુડાના પાદરે ભક્તિનું ઘોડાપૂર

## પ.પૂ. મસાપીર બાપુના સાનિધ્યમાં મોમાઈ માતાજીનો ભવ્ય ૨૪ કલાકનો નવરંગા માંડવો પ્રારંભાયો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના નાનાઝીંઝુડા ગામના પાદરે આજે આદ્યશક્તિ મોમાઈ માતાજીના ૨૪ કલાકના ભવ્ય નવરંગા માંડવાનો અત્યંત શ્રદ્ધા અને ભક્તિસભર માહોલમાં મંગલ પ્રારંભ થયો છે. આપણી ભવ્ય લોક-સંસ્કૃતિ અને અણમોલ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા આ દિવ્ય પ્રસંગે નાનાઝીંઝુડાનું ગાયોનું ગોંદરું ભક્તિના રંગે રંગાયું છે.આ પવિત્ર મહોત્સવનું આયોજન ગાયોના ગોંદરે બિરાજમાન મોમાઈ માતાજીના મંદિરના મહંત અને આધ્યાત્મિક ચેતનાના સ્ત્રોત એવા પરમ પૂજ્ય મસાપીર બાપુના દિવ્ય સાનિધ્યમાં કરવામાં આવ્યું છે. બાપુના આશીર્વચન અને પ્રેરણાથી આ ધાર્મિક અનુષ્ઠાન એક દિવ્ય ચેતનાનો ઉત્સવ બની રહ્યો છે.

કાર્યક્રમની શરૂઆત અત્યંત સુંદર અને ભવ્ય રીતે કરવામાં આવેલા માતાજીના સામૈયાથી થઈ હતી. વાજતે-ગાજતે, ઢોલ-નગારાના ગુંજારવ અને પવિત્ર ધાર્મિક જયઘોષ સાથે જ્યારે માતાજીની પધરામણી થઈ, ત્યારે વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. આ માંડવો માત્ર એક ધાર્મિક પ્રસંગ નહીં, પરંતુ પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાને જીવંત રાખતો એક સાંસ્કૃતિક મહોત્સવ છે.

ડાક અને ડમરુના પરંપરાગત નાદ સાથે ગુંજતા વાતાવરણમાં વિવિધ સાધુ-સંતોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી છે. ૨૪ કલાકના આ અખંડ માંડવામાં થાંભલી રોપણ, ભવ્ય સામૈયા, મહાપ્રસાદ અને આરતી સહિતના શાસ્ત્રોક્ત વિધિ-વિધાનોનું સુંદર આયોજન કરાયું છે. આ ધાર્મિક મહોત્સવમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા છે અને માં મોમાઈના આશીર્વાદ તેમજ મસાપીર બાપુના દર્શન કરી આધ્યાત્મિક શાંતિની અનુભૂતિ કરી રહ્યા છે.

# ઊર્જા અને કાયદો રાજય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે રૂ. ૪૪.૦૯ કરોડના ખર્ચે ખોડીયાર કેનાલ નેટવર્કના સમારકામની કામગીરીનો પ્રારંભ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા.૧૭ મે, ૨૦૨૬ (રવિવાર) - અમરેલી જિલ્લાના ખેડૂતોને વધુ સુદ્રઢ અને સુલભ સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી રાજ્યના ઉર્જા અને કાયદો રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ખોડીયાર સિંચાઈ યોજનાના કેનાલ નેટવર્કના સમારકામ અને નવીનીકરણની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો. આશરે ૯૩ કિલોમીટર લાંબી ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલના લાઈનીંગ તેમજ સ્ટ્રકચરોના આધુનિકીકરણ, પુનસ્થાપન અને નવીનીકરણના કામો કુલ રૂ. ૪૪.૦૯ કરોડના ખર્ચે ૬ પેકેજમાં હાથ ધરવામાં આવશે, જેના થકી અમરેલી જિલ્લાના અંદાજિત ૧૮ ગામોના ખેડૂતોને સીધો લાભ મળશે તેમજ કુલ ૯૮૬૪ હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધાનો લાભ પ્રાપ્ત થશે.

મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, ખોડીયાર કેનાલ નેટવર્કના નવીનીકરણથી કેનાલમાં પાણી વહન ક્ષમતા વધશે, પાણીનો બગાડ ઘટશે, લીકેજમાં ઘટાડો થશે અને ખેડૂતોને તેમની માંગ મુજબ સમયસર સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થઈ શકશે. કેનાલના આધુનિકીકરણથી કૃષિ ઉત્પાદન વધારવામાં પણ નોંધપાત્ર ફાયદો થશે.આ યોજના અમરેલી જિલ્લાના કૃષિ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે અને ખેડૂતોને લાંબા ગાળે સ્થિર સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવશે. આ કામગીરીના પ્રથમ તબક્કામાં મેઇન કેનાલ સંબંધિત પેકેજ-૧, ૨ અને ૩ના અંદાજિત રૂ. ૧૨ કરોડના કામો હાથ ધરવામાં આવ્યા છે, જ્યારે આગામી તબક્કામાં માઇનોર કેનાલના પેકેજ-૪ થી ૬ના કામો અમલમાં મુકવામાં આવશે. પેકેજ-૧ હેઠળ ૧૫૮ હેક્ટર, પેકેજ-૨ હેઠળ ૧૪૩ હેક્ટર, પેકેજ-૩ હેઠળ ૨૦૧.૨૩ હેક્ટર, પેકેજ-૪ હેઠળ ૧૮૭૩.૭૩ હેક્ટર, પેકેજ-૫ હેઠળ ૧૯૩૧.૮૭ હેક્ટર અને પેકેજ-૬ હેઠળ ૪૫૯૦.૪૧ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

આ પેકેજ અંતર્ગત ચલાલા, માળીલા, દેવરાજીયા, કેરિયાચાડ, મેડી, તરવડા, વાંકિયા, સાજીયાવગર, તરકતળાવ,પીઠવાજાળ, રાજસ્થળી, શંભુપરા, ગોખરવાળા, ખડખંભાળિયા, નાના ગોખરવાળા, ચાંદગઢ, લાપાળીયા, ગરમલીસ નવા ચરખા, કથીરવગરને લાભ મળશે આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યશ્રી આશિષભાઈ અકબરી, શ્રી, ગાંગડીયા, તાલુકા પંચાયતના સભ્યશ્રી નાગજીભાઈ મકવાણા, ઈરીગેશન રાજયના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વાજા, સ્થાનિક સરપંચશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# સંગીત



## લીવ આર્ટિસ્ટિક

**કંદર્પ ભટ્ટ**

**M.A.B.Ed in Music**

હાર્મોનિયમ ભારતમાં નહીં, પણ યુરોપમાં શોધાયું હતુ...!

મોટાભાગના લોકો એવું માને છે કે તેની શોધ ભારતમાં જ થઈ છે, પરંતુ આ સાચું નથીવગાડતા ભલે ન આવડે, પરંતુ રમત ખાતર પણ હાર્મોનિયમ ઉપર તમે એક વાર હાથ તો અજમાવ્યો જ હશે. હાર્મોનિયમ સંગીતનું એવું સાધન છે જેણે અનેક મહાન લોકોના વિરોધનો સામનો કર્યો છે. અનેક વાર તેના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું છે. ખબર છે કેમ ?મોટાભાગના દરેક ગાયકો ગાવાની સાથે તેને વગાડે છે. ફિલ્મનું ગીત કે તેની ધૂન બની રહી હોય ત્યારે અનેક સંગીતકાર કે ગીતકાર પ્રથમ તેને હાર્મોનિયમ પર તૈયાર કરે છે. આપણે ત્યાં સંગીત શબ્દ કાને પડે એટલે પહેલું હાર્મોનિયમ જ નજર સામે તરવરે. તેની બનાવટ અને સૂર વગેરેને કારણે મોટાભાગના લોકો એવું માને છે કે તેની શોધ ભારતમાં જ થઈ છે, પરંતુ આ સાચું નથી. હાર્મોનિયમની શોધ ભારતમાં થઈ નથી તથા તે ભારતીય શાસ્ત્રીય સંગીતમાં પણ નથી. હાર્મોનિયમની શોધ ક્યાં થઈ? તે ભારતમાં કેવી રીતે આવ્યું ? તેનો વિરોધ શા માટે થયો ? વગેરેના રસપ્રદ જવાબો જાણીએ.

હાર્મોનિયમની શોધ

1700ના શરૂઆતના દશકમાં હાર્મોનિયમની શોધ યુરોપમાં થઈ હતી. આજે જોવા મળી રહ્યું છે તેવું હાર્મોનિયમ શોધાયું ત્યારે નહોતું. અનેક બદલાવોમાંથી પસાર થયા પછી અત્યારે જોવા મળતું હાર્મોનિયમ તૈયાર થયું છે.એવી પ્રબળ માન્યતા છે કે હાર્મોનિયમનું પહેલું પ્રોટોટાઈપ કોપનહેગન યુનિવર્સિટીમાં ફિઝિયોલોજીના પ્રોફેસર ક્રિશ્ચિયન ગોટલિબ ક્રેટજેનસ્ટીને બનાવ્યું હતું.ત્યારબાદ તેમાં સમયાંતરે પરિવર્તનો આવતાં રહ્યાં અને એક સમય એવો પણ આવ્યો કે આ વાદ્ય યંત્ર સમાપ્ત થવાના આરે આવી ગયું, પરંતુ પછી ફ્રાન્સમાં ઈ.સ. 1842માં એલેક્ઝાન્ડર ડેબન નામના એક સંશોધકે આ વાદ્ય યંત્રની પોતાની ડિઝાઈનની પેટન્ટ કરાવી અને 'હાર્મોનિયમ' નામ આપ્યું. આ હાર્મોનિયમ ફૂટ-પમ્પવાળું હાર્મોનિયમ હતું. હાર્મોનિયમનો પછીથી ચર્ચમાં ઉપયોગ થવા લાગ્યો.

ભારતમાં હાર્મોનિયમ19મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં પશ્ચિમી વેપારીઓ પોતાની સાથે હાર્મોનિયમને ભારતમાં લાવ્યા. તે સામાન્ય રીતે ચર્ચોનું જ મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ હતું. તે આકારમાં બહુ જ મોટું હતું અને તેને પગથી પંપ કરવામાં આવતું હતું. ઈ.સ. 1875માં બંગાળના દ્વારકાનાથ ઘોષે હાર્મોનિયમને હાથથી પંપ કરવાવાળા વાદ્ય યંત્રના રૂપમાં વિકસિત કર્યું. ત્યારબાદ હાર્મોનિયમે પ્રસિદ્ધિનાં શિખરો સ્પર્શી લીધાં. આ એ દોર હતો કે જ્યારે હાર્મોનિયમ યુરોપમાંથી ગાયબ થવા લાગ્યાં હતાં, પરંતુ ભારતીય સંગીતકારોની પહેલી પસંદ બની રહ્યાં હતાં. ઈ.સ. 1915 સુધીમાં ભારત હાર્મોનિયમનું ઉત્પાદન કરનારા દેશોમાં પ્રથમ થઈ ગયો. પરિવર્તનો સતત ચાલુ રહ્યાં અને હાર્મોનિયમ ભારતમાં સૌથી વધારે ઉપયોગમા લેવાનારું વાદ્ય યંત્ર બની ગયું. હાર્મોનિયમની તરફેણમાં પણ લોકો હતા. હાર્મોનિયમના વિરોધી હતા તો સામે તેની તરફેણ કરનારા પણ હતા. મોટી સંખ્યામાં કલાકાર અને હાર્મોનિયમ બનાવનારી કંપનીઓ હાર્મોનિયમના વિરોધનો વિરોધ કરવા લાગી. ડૉ. ગોપાલ રેડ્ડી જ્યારે સૂચના પ્રસારણ મંત્રી બન્યા ત્યારે તેમની સમક્ષ હાર્મોનિયમનો પ્રતિબંધ હટાવવાની માંગ ઊઠવા લાગી. ડૉ. રેડ્ડીને પૂણેમાં ઘેરવામાં પણ આવ્યા, પરંતુ તેમણે પ્રતિબંધ ન હટાવ્યો. ઈ.સ. 1970માં આ મુદ્દે એક સેમિનાર થયો. તેમાં મોટામોટા સંગીતકાર અને એક્સપર્ટ આવ્યા અને ચર્ચાના અંતે નિષ્કર્ષ એ નીકળ્યો કે માત્ર એક પ્રયોગ તરીકે હાર્મોનિયમનો ઉપયોગ ટૉપ ગ્રેડ કલાકારોની સાથે એક સંગીત યંત્ર તરીકે કરવામાં આવે. જ્યારે એકલ યંત્ર તરીકે માત્ર ઉચ્ચ કોટિના હાર્મોનિયમ વાદકે જ કરવો જોઈએ. ત્યારબાદ આંશિક રીતે પ્રતિબંધ હટાવવામાં આવ્યો, પરંતુ સંપૂર્ણપણે પ્રતિબંધ ઉઠાવવાની માંગ ચાલુ જ રહી. આખરે 40 વર્ષ પ્રતિબંધ રહ્યા પછી 18 એપ્રિલ, 1980ના સાંજના સમાચાર બુલેટિનમાં હાર્મોનિયમ પર લાગેલા બધા જ પ્રતિબંધ સમાપ્ત કરવાની જાહેરાત કરવામાં આવી.ટાગોર સહિત અનેક લોકોએ હાર્મોનિયમનો વિરોધ કર્યો. 19 જાન્યુઆરી, 1940માં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે પણ હાર્મોનિયમનો વિરોધ કર્યો. તેમણે ઓલ ઈન્ડિયા રેડિયો, કોલકાતા કેન્દ્રના નિર્દેશક અશોક કુમાર સેનને પત્ર લખ્યો, 'પ્રિય અશોક, હું હંમેશાં સંગીતની સંગતમાં હાર્મોનિયમના ઉપયોગની વિરુદ્ધમાં રહ્યો છું. તેને અમે અમારા આશ્રમમાંથી સંપૂર્ણપણે હટાવી દીધું છે. જો તમે તેને ઓલ ઈન્ડિયા રેડિયોના સ્ટુડિયોમાં બૅન (પ્રતિબંધ) કરાવી શકો તો તે તમારી ભારતીય સંગીતના હિતમાં બહુ મોટી સેવા હશે.' ટાગોર સિવાય ઘણાં સાહિત્યકારોએ પણ હાર્મોનિયમને બૅન કરવા માટે પત્ર લખ્યા હતા. એક સ્વતંત્રતા સેનાની તરીકે જવાહરલાલ નહેરુ પણ હાર્મોનિયમ પર પ્રતિબંધના પક્ષમાં હતા. ભારતીય પ્રસારણના સૌથી પહેલાં કન્ટ્રોલર ઓફ બ્રોડકાસ્ટિંગ લાયનલ ફિલ્ડને તો તેણે પહેલાં જ ભારતીય શાસ્ત્રીય સંગીતને પ્રતિકૂળ જણાવ્યું હતું.

ઓલ ઈન્ડિયા રેડિયોના દિલ્હી કેન્દ્ર પર વેસ્ટર્ન મ્યુઝિકના નિર્દેશક જહોન ફોલ્ડ્સ અને મુંબઈ કેન્દ્ર પર વોલ્ટર ફૉકમેને પણ હાર્મોનિયમને ભારતીય સંગીત માટે બિનજરૂરી માન્યું હતું. ત્યારબાદ માર્ચ, 1940માં ઓલ ઈન્ડિયા રેડિયોમાંથી એક સર્ક્યુલર પસાર કરીને આકાશવાણીનાં બધાં જ કેન્દ્રો પર હાર્મોનિયમને બૅન કરવામાં આવ્યું. સર્ક્યુલરમાં સ્પષ્ટ લખ્યું હતું કે ઓલ ઈન્ડિયા રેડિયોમાં રિયાઝ માટે કોઈ પણ હાર્મોનિયમ નહીં લાવી શકે. જે કેન્દ્રો પર હાર્મોનિયમ હોય તેઓ જલદી તેને હટાવી દે.

## જામીનપાત્ર (Bailable) અને બિન-જામીનપાત્ર (Non-Bailable) ગુનાઓ એટલે શું ???



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચક મિત્રો, આપણે ઘણીવાર કાયદાકીય શબ્દોના અર્થ સમજવામાં ભૂલ કરતા હોઈએ છીએ,અહીં આજે આપણે એવા જ બે શબ્દો નો યોગ્ય અર્થ સમજીશું.

ભારતીય કાયદા (CrPC અને હવે નવા કાયદા BNS/BNSS) મુજબ ગુનાઓને બે મુખ્ય શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે: જામીનપાત્ર (Bailable) અને બિન-જામીનપાત્ર (Non-Bailable).

નીચે મુજબ તેનો મુખ્ય કાયદાકીય તફાવત છે:

* ૧. જામીનપાત્ર ગુના (Bailable Offences)

આ એવા ગુનાઓ છે જે પ્રમાણમાં ઓછા ગંભીર હોય છે.* અધિકાર: જામીન મેળવવો એ આરોપીનો *કાનૂની અધિકાર* છે. પોલીસ કે કોર્ટ જામીન આપવાની ના પાડી શકે નહીં.* પ્રક્રિયા: આરોપીની ધરપકડ થાય ત્યારે પોલીસ સ્ટેશનમાંથી જ અથવા કોર્ટમાં હાજર થતી વખતે જામીન (Bail Bond) ભરીને મુક્ત થઈ શકાય છે. * ઉદાહરણ: સામાન્ય મારામારી, બેદરકારીથી વાહન ચલાવવું, માનહાનિ (Defamation), લાંચ લેવી વગેરે.* સજા: સામાન્ય રીતે ૩ વર્ષથી ઓછી સજા હોય તેવા ગુનાઓ આ શ્રેણીમાં આવે છે.

* ૨. બિન-જામીનપાત્ર ગુના (Non-Bailable Offences)

આ ગંભીર પ્રકારના ગુનાઓ છે.* અધિકાર: અહીં જામીન મેળવવો એ અધિકાર નથી, પરંતુ કોર્ટની મરજી (Discretion) પર નિર્ભર છે.* પ્રક્રિયા: આરોપીએ જામીન માટે કોર્ટમાં અરજી કરવી પડે છે. કોર્ટ ગુનાની ગંભીરતા, પુરાવાઓ અને સાક્ષીઓ પર થતી અસરને ધ્યાનમાં રાખીને નક્કી કરે છે કે જામીન આપવા કે નહીં. પોલીસ પાસે જામીન આપવાની સત્તા હોતી નથી.*ઉદાહરણ: ખૂન (Murder), બળાત્કાર (Rape), અપહરણ, લૂંટ, રાજ્ય વિરુદ્ધના ગુના.* સજા: ૩ વર્ષથી વધુ, આજીવન કેદ કે ફાંસીની સજા હોય તેવા ગુનાઓ.

* મુખ્ય તફાવત કોષ્ટક

| વિગત | જામીનપાત્ર ગુનો | બિન-જામીનપાત્ર ગુનો *અધિકાર - જામીનપાત્ર ગુનામાં જામીન એ કાયદેસરનો હક છે. બિનજામીન પાત્ર ગુનો એ કોર્ટની મુવેચ્છા (મરજી) છે. * સત્તા - જમીનપાત્ર ગુના માં પોલીસ અને કોર્ટ બંને જામીન આપી શકે. બિનજામીન પાત્ર ગુના માં માત્ર કોર્ટ જ જામીન આપી શકે. *ગંભીરતા - જામીન પાત્ર ગુના એઓછા ગંભીર ગુનામાં સમાવિષ્ટ થાય છે. બિનજામીન પાત્ર ગુના અત્યંત ગંભીર અને જઘન્ય ગુના માં સમાવિષ્ટ થાય છે. *મુક્તિ - જા.પાત્ર ગુનામાં બેઈલ બોન્ડ ભરતાની સાથે મુક્તિ મળે. બી.જા પાત્ર ગુનામાં કોર્ટમાં સુનાવણી બાદ જ નિર્ણય લેવાય. * કલમ - જા.પાત્ર ગુનામાં CrPC ની કલમ 436 (BNSS - ૪૭૮) હેઠળ. બી.જામીન પાત્ર ગુનામાં| CrPC ની કલમ 437/439 (BNSS ૪૭૯/૪૮૨)હેઠળ.

* મહત્વની નોંધ:ઘણીવાર લોકોને ગેરસમજ હોય છે કે 'બિન-જામીનપાત્ર' ગુનામાં જામીન મળતા જ નથી. હકીકતમાં, બિન-જામીનપાત્ર" નો અર્થ એ નથી કે જામીન નહીં મળે, પણ તેનો અર્થ એ છે કે તમારે જામીન મેળવવા માટે કોર્ટને મજબૂત કારણો આપવા પડશે. જો કોર્ટને લાગે કે આરોપી સાક્ષીઓને ધમકાવશે નહીં કે પુરાવા સાથે છેડછાડ નહીં કરે, તો ગંભીર ગુનામાં પણ જામીન મળી શકે છે.








## આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, જગપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારીબાપુ, સહિત પૂજ્ય સંતોના પ્રેરણાત્મક સાનિધ્યમાં "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર" લોકાર્પણ-મુખ્ય સ્ટેજ કાર્યક્રમ યોજાયો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી, તા. ૧૩ મે, ૨૦૨૬ (બુધવાર) : રાજુલા પંથકના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના છેવાડાના ગરીબ,વંચિત નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે. આજરોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજુલા મુકામે અત્યાધુનિક "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રાજ્યના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, જગપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારીબાપુ, સહિત પૂજ્ય સંતોના પ્રેરણાત્મક સાનિધ્યમાં સુવિધાસંપન્ન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો લોકાર્પણ-મુખ્ય સ્ટેજ કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ ૧૦૦ ટકા નિ:શુલ્ક હોસ્પિટલના નિર્માણ અર્થે રાજુલાના મૂળ વતની અને વતનના રતન એવા ઉદ્યોગસાહસિક સ્વ. અનિલકુમાર મહેતા પરિવાર દ્વારા અંદાજે રૂ.૨.૫ કરોડ જેટલી રકમનું સખાવતી દાન આપવામાં આવ્યું છે, સાથે પ્રસિદ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ આહીર દ્વારા ભૂમિદાન થકી હોસ્પિટલ નિર્માણનો સંકલ્પ ધરાતલ ઉપર સિદ્ધ થયો છે. જગપ્રસિદ્ધ કથાકાર પૂ.મોરારી બાપુએ સંબોધન કરતા જણાવ્યું કે, રાજુલાની પવિત્ર ભૂમિ પર આરોગ્યના પવિત્ર સેવાયજ્ઞના પ્રારંભ થકી છેવાડાના ગરીબને પણ નિ:શુલ્ક આરોગ્ય સેવા મળશે. તેમણે ઉમેર્યું કે, માનવી સખાવતી ભાવે કર્તવ્ય સાથે કર્મ કરીને પોતાના વ્યાવસાયિક ક્ષેત્રમાંથી તન, મન અને ધનથી સમાજને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તે વિચારીને સમાજ ઉપયોગી કાર્યો કરે તે અનિવાર્ય છે.

જેના થકી સમાજ વધુને વધુ સશક્ત બની શકે છે. તેમણે આ આરોગ્યના દિવ્ય અને પવિત્ર સેવાયજ્ઞ માટે સર્વ દાતાશ્રીઓના કાર્યની સરાહના કરી હતી. સાથે આ યજ્ઞમાં આહૂતિ સ્વરૂપ યથાયોગ્ય આહૂતિ આપવા ઉપસ્થિત સૌને વિનમ્ર અનુરોધ કર્યો હતો. પૂર્વ ધારાસભ્યશ્રી અંબરિષભાઈ ડેરે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, રાજુલા પંથકના તમામ ગામડાઓને આ હોસ્પિટલ થકી તદ્દન મફતમાં તમામ પ્રકારની જરૂરી સ્વાસ્થ્ય સુવિધાઓ પ્રાપ્ત થશે. ઉપસ્થિત સર્વ સંત-મહાત્મન ગણ અને મહાનુભાવોનું સૂત્રની આંટી અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્યમાં સરકાર અને જાહેર ટ્રસ્ટોના સહયોગથી આરોગ્ય સુવિધાઓ સુદ્રઢ બની રહી છે.

છેવાડાના નાગરિકો સુધી આરોગ્ય સેવાનો લાભ પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં રૂ. ૨૧૫ કરોડના ખર્ચે જે બાળકો બોલી અથવા સાંભળી નથી શકતા તેમને જરૂરી આરોગ્ય સેવાઓ-સુવિધાનો લાભ મળ્યો છે. મંત્રીશ્રીએ સર્વાઈકલ કેન્સરનો ઉલ્લેખ કરતા ઉમેર્યું કે, સમગ્ર ભારતમાં અત્યારસુધીમાં કુલ ૫ લાખ જેટલી દીકરીઓને રસીકરણનો લાભ મળતાં સંભવિત સર્વાઈકલ કેન્સર સામેની લડત વધુ મજબૂત બની રહી છે. મંત્રીશ્રીએ ફેમિલી ડોક્ટરની સાથે ફેમિલી ફાર્મરની જરૂરીયાત ઉપર ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ સમયની પ્રમુખ માંગો પૈકીને એક માંગ છે, જેના થકી સંભવિત આરોગ્ય ખતરાઓને ટાળી શકાય છે. ઉલ્લેખનીય છે કે, રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત ૧૦૦ બેડની નિશુલ્ક હોસ્પિટલ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિશુલ્ક ઉપલબ્ધ છે. લોકસાહિત્યકાર માયાભાઈ આહીરે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં જણાવ્યું કે, નિ:શુલ્ક ઉત્તમ આરોગ્ય સેવાઓની પહોંચ હવે રાજુલા પંથકના છેવાડાના વિસ્તારો સુધી સુનિશ્ચિત થશે.

મૂળ રાજુલાના ઉદ્યોગપતિશ્રી સ્વ.અનિલકુમાર નંદલાલ મહેતા પરિવારના સભ્ય શ્રી અજય મહેતાએ આ આરોગ્ય મંદિર-હોસ્પિટલના નિર્માણ સંકલ્પનાની સફળ યાત્રા વિષયક સમગ્રતયા ચિતાર રજૂ કર્યો હતો અને જણાવ્યું કે, અમને સર્વપ્રથમ દાતાશ્રી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે અમારા માટે ગૌરવની ક્ષણ હતી. ઉલ્લેખનીય છે કે, "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર" લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પત્રના માધ્યમથી શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

આ પ્રસંગે વિઝન ફાઉન્ડેશનના ડોક્ટર શ્રી કુલીન કોઠારીએ અંધાપામુક્ત તાલુકાઓઅભિયાનનો શુભારંભ કર્યો હતો જેની શરૂઆત રાજુલા તાલુકાથી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સમગ્ર ભારતમાં અત્યારસુધીમાં અમારા ફાઉન્ડેશન હેઠળ અંદાજિત ૭.૫ લાખથી વધુ દર્દીઓના આંખના ઓપરેશન નિશુલ્ક ધોરણે કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી અંબરીશભાઈ ડેર, શ્રી અજયભાઈ મહેતા, દાતાઓ શ્રી માયાભાઈ આહીર સહિત રાજુલાના રહેવાસીઓએ હોસ્પિટલના પ્રાંગણમાં અભિવાદન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સર્વ સંતગણ શ્રી પૂ. દિલિપદાસજી બાપુ-જગન્નાથ મંદિર,અમદાવાદ, મોંઘીમાની જગ્યા શિહોરના સંતશ્રી જીણારામ બાપુ, ભાગવદ્ કથાકાર શ્રી જીગ્નેશદાદા, મહાકાળી આશ્રમ ઠવીના સંત શ્રી પૂ. ધનસુખનાથજી બાપુ, રામપરા સંત શ્રી રાજેન્દ્રદાસ બાપુ, ધરમપુરથી શ્રી શરદદાદા વ્યાસ, ચલાલા દાનબાપુની જગ્યાના સંત શ્રી વલકુબાપુ, વિદ્યાવાચસ્પતી શ્રી મહાગેવપ્રસાદજી, માનવમંદિર-સાવરકુંડલા સંત શ્રી ભક્તિરામ બાપુ, પૂ. ઉર્જામૈયા સહિતના સંત, શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન અગ્રણી શ્રી હરેશભાઈ મહેતા, અનુભવી સમાજ સેવક શ્રી પ્રવીણભાઈ લહેરી અને બીપીનભાઈ લહેરી સહિતના ટ્રસ્ટીશ્રીઓ, મહાનુભાવો, સ્થાનિક અગ્રણીશ્રીઓ, બહોળી સખ્યામાં રાજુલા પંથકના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**"રાજુલા પંથકની પવિત્ર ભૂમિ પર આરોગ્યના પવિત્ર સેવાયજ્ઞના પ્રારંભ થકી છેવાડાના ગરીબને પણ નિ:શુલ્ક આરોગ્ય સેવા મળશે"**
**- શ્રી રામચરિત માનસ કથાકાર પૂ.મોરારી બાપુ**

# "હાઈ બ્લડ પ્રેશર અને તણાવ સ્ટ્રોકના સૌથી મોટા શત્રુ"

Dr. Vishal K. Chavda, MS, PhD, FICN





હવે માત્ર વૃદ્ધ લોકો જ નહીં પણ યુવા પેઢી પણ સ્ટ્રોકથી પ્રભાવિત થઈ રહી છે અને જીવન અને પરિવારોને અનેક રીતે અસર કરી રહી છે!!

સ્ટ્રોક, જેને ક્યારેક મગજનો હુમલો કહેવામાં આવે છે, ત્યારે થાય છે જ્યારે કંઈક મગજના ભાગમાં રક્ત પુરવઠાને અવરોધે છે અથવા જ્યારે મગજની રક્તવાહિનીઓ ફાટે છે. બંને કિસ્સાઓમાં, મગજના ભાગોને નુકસાન થાય છે અથવા મૃત્યુ પામે છે. જો તમારું બ્લડ પ્રેશર 180/120 mm Hg અથવા તેનાથી વધુ હોય અને તમને છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અથવા સ્ટ્રોકના અન્ય કોઈપણ લક્ષણો જેમ કે નિષ્ક્રિયતા આવે અથવા ઝણઝણાટ, બોલવામાં તકલીફ અથવા દ્રષ્ટિમાં ફેરફાર હોય, તો તેને ગંભીર ઘટના ગણો, જેને સ્ટ્રોક કહેવાય છે! ! સ્ટ્રોક મગજને કાયમી નુકસાન, લાંબા ગાળાની અપંગતા અથવા મૃત્યુનું કારણ બની શકે છે. ટૂંકા ગાળામાં, તેના રક્ત પુરવઠામાં વિક્ષેપથી મગજને નુકસાન થાય છે. માથાનો દુખાવો સિવાય, સ્ટ્રોકના લક્ષણો પીડાદાયક નથી. આ કારણોસર, સંભવિત ગંભીર લક્ષણોને અવગણવું સરળ છે. યાદ રાખવાની સૌથી અગત્યની બાબત એ છે કે મોટાભાગના લક્ષણો પીડાદાયક ન હોવા છતાં, તે ખૂબ જ અચાનક આવે છે અને તે ખૂબ જ આત્યંતિક છે. તબીબી સંશોધનના આંકડા દર્શાવે છે કે: 10 ટકા દર્દીઓ લગભગ સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય છે; 25 ટકા દર્દીઓ માત્ર નાની ક્ષતિઓ સાથે સાજા થાય છે અને 40 ટકા દર્દીઓ મધ્યમથી ગંભીર ક્ષતિઓ અનુભવે છે જેને ખાસ કાળજીની જરૂર હોય છે. હાઈ બ્લડ પ્રેશર એ સ્ટ્રોક માટેનું એકમાત્ર સૌથી મોટું જોખમ પરિબળ છે. ડાયાબિટીસ તમારી ધમનીઓ ભરાઈ જવાની શક્યતા વધારે છે. ધમની ફાઈબરિલેશન તમારા હૃદયમાં ગંઠાવાનું કારણ બની શકે છે, જેના કારણે સ્ટ્રોક થઈ શકે છે. ઉચ્ચ કોલેસ્ટ્રોલ તમારી ધમનીઓ ભરાઈ જવાની શક્યતા વધારે છે. કેટલાક લોકો ગંભીર સ્ટ્રોકના ઘણા દિવસો પહેલા માથાનો દુખાવો, નિષ્ક્રિયતા આવે અથવા કળતર જેવા લક્ષણોનો અનુભવ કરશે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સ્ટ્રોકના 43% દર્દીઓને મેજર સ્ટ્રોકના એક અઠવાડિયા પહેલા મિની-સ્ટ્રોકના લક્ષણોનો અનુભવ થયો હતો. હૃદય રોગ, સ્ટ્રોક અને તણાવ વચ્ચે નિર્વિવાદ કડીઓ છે. તણાવને કારણે હૃદય વધુ સખત કામ કરે છે, બ્લડ પ્રેશર વધે છે અને લોહીમાં સુક્રોઝ અને ચરબીનું સ્તર વધે છે. આ વસ્તુઓ, બદલામાં, હૃદય અથવા મગજમાં ગંઠાવાનું અને મુસાફરી કરવાનું જોખમ વધારી શકે છે, જેના કારણે હાર્ટ એટેક અથવા સ્ટ્રોક આવે છે. સ્ટ્રોક પછી, મોટાભાગના દર્દીઓ પ્રથમ છ મહિનામાં અથવા, જ્યારે ગતિશીલતા પર ગંભીર અસર થઈ હોય તેવા કિસ્સામાં, પ્રથમ બે વર્ષમાં ફરીથી ચાલી શકે છે. જો કે પુનપ્રાપ્તિમાં સમય લાગે છે, ચાલવું એ સ્ટ્રોક સર્વાઈવર માટેનું પ્રથમ પગલું છે જે સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરવા તરફ લઈ શકે છે!!

**સ્ટ્રોકના પ્રકાર શું છે?**

ઈસ્કેમિક સ્ટ્રોક, ક્ષણિક ઈસ્કેમિક એટેક અથવા મિની-સ્ટ્રોક, હેમરેજિક સ્ટ્રોક અને બ્રેઈન સ્ટેમ સ્ટ્રોકહેમોરહેજિક સ્ટ્રોક ખાસ કરીને ખતરનાક છે કારણ કે તે ગંભીર લક્ષણોનું કારણ બને છે જે ઝડપથી ખરાબ થાય છે. ઝડપી તબીબી ધ્યાન વિના, આ સ્ટ્રોક ઘણીવાર મગજને કાયમી નુકસાન અથવા મૃત્યુનું કારણ બને છે. હેમરેજિક સ્ટ્રોકમાં, મગજની રક્તવાહિનીઓ ફાટી જાય છે અને મગજમાં લોહી નીકળે છે. કારણ કે સ્ટ્રોકનું કારણ અને તેનાથી મગજમાં થતા નુકસાનની માત્રામાં વ્યાપક ભિન્નતા હોય છે, સ્ટ્રોકની કોઈ "સામાન્ય" અવધિ હોતી નથી. કેટલાક સ્ટ્રોક થોડી મિનિટો સુધી ચાલે છે જ્યારે અન્ય કલાકો અથવા તો દિવસો સુધી ચાલુ રહે છે. સૌથી ગંભીર સ્ટ્રોક વ્યક્તિને પ્રતિસાદ આપવામાં અસમર્થ અથવા ઊંઘ જેવી સ્થિતિમાં છોડી શકે છે. આને ક્યારેક બેભાન અથવા કોમા કહેવામાં આવે છે અને તેનો અર્થ એ છે કે મગજના મહત્વપૂર્ણ ભાગો સારી રીતે કામ કરી રહ્યાં નથી. કોમાનો ક્યારેક અર્થ એવો થઈ શકે છે કે સ્ટ્રોક એટલો ગંભીર છે કે વ્યક્તિ બચી ન શકે.સ્ટ્રોક માટે ટેસ્ટ શું છે અને તમને કેવી રીતે ખબર પડશે કે તમને સ્ટ્રોક થયો છે?!એમઆરઆઈ મગજની પેશીઓને ઈસ્કેમિક સ્ટ્રોક અને મગજના હેમરેજને કારણે ક્ષતિગ્રસ્ત થયેલું શોધી શકે છે. તમારા ન્યુરોલોજીસ્ટ/ફિઝિશિયન અથવા ઈન્ટેન્સિવિસ્ટ ધમનીઓ અને નસોને જોવા અને રક્ત પ્રવાહ (મેગ્નેટિક રેઝોનન્સ એન્જીયોગ્રાફી અથવા મેગ્નેટિક રેઝોનન્સ વેનોગ્રાફી)ને હાઈલાઈટ કરવા માટે રક્ત વાહિનીમાં રંગ ભરી શકે છે. મગજનું સીટી સ્કેન બતાવી શકે છે કે મગજમાં રક્તસ્ત્રાવ છે કે સ્ટ્રોકથી મગજના કોષોને નુકસાન થયું છે. મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (MRI) તમારા મગજના ચિત્રો બનાવવા માટે ચુંબક અને રેડિયો તરંગોનો ઉપયોગ કરે છે. સ્ટ્રોકનું નિદાન કરવા માટે સીટી સ્કેનને બદલે MRI નો ઉપયોગ કરી શકાય છે. ચહેરા, હાથ અથવા પગમાં અચાનક નિષ્ક્રિયતા આવે અથવા નબળાઈ, ખાસ કરીને શરીરની એક બાજુએ સ્ટ્રોકના પ્રથમ સંકેત અને લક્ષણો છે. મશીનના પ્રકાર પર આધાર રાખીને, એમઆરઆઈ સંભવિત રીતે મિનિટોમાં નવા સ્ટ્રોક શોધી શકે છે. એમઆરઆઈ જૂના સ્ટ્રોક થયા પછી દાયકાઓ સુધી પણ શોધી શકે છે. એમઆરઆઈનો સૌથી ઝડપી પ્રકાર ડિફ્યુઝન-વેઈટેડ ઈમેજિંગ (DWI) છે. તે મગજમાં પ્રવાહીમાં ફેરફારને માપે છે અને તેની શરૂઆત પછી તરત જ સ્ટ્રોક શોધી શકે છે.

**શું સ્ટ્રોકના દર્દીઓ રડે છે?**

હા, અનિયંત્રિત લાગણીઓ.તેને સ્યુડોબુલબાર અસર (PBA) કહેવામાં આવે છે. PBA સાથે, તમે લાગણીઓની વધુ પડતી અભિવ્યક્તિ કરી શકો છો જે તમે જે પરિસ્થિતિમાં છો તેની સાથે મેળ ખાતી નથી. તમે કંઈક ઉદાસી પર હસી શકો છો, અથવા કંઈક રમુજી જોઈને રડી શકો છો. સ્ટ્રોક પછી લોકો માટે આ ફેરફારો સામાન્ય છે, પરંતુ તેમની સાથે જીવવું મુશ્કેલ હોઈ શકે છે. PBA માં, મગજના આગળના લોબ (જે લાગણીઓને નિયંત્રિત કરે છે) અને સેરેબેલમ અને મગજના સ્ટેમ (જ્યાં રીફ્લેક્સ મધ્યસ્થી થાય છે) વચ્ચે જોડાણ તૂટી જાય છે. આ અસરો અનિયંત્રિત છે અને ભાવનાત્મક ટ્રિગર વિના થઈ શકે છે. PBA ધરાવતા લોકોમાં અનૈચ્છિક રીતે રડવું, હાસ્ય અથવા ગુસ્સો આવે છે. સ્ટ્રોક મગજને અસર કરે છે, અને મગજ આપણા વર્તન અને લાગણીઓને નિયંત્રિત કરે છે. તમે અથવા તમારા પ્રિયજન ચીડિયાપણું, ભૂલી જવાની, બેદરકારી અથવા મૂંઝવણની લાગણી અનુભવી શકે છે. ગુસ્સો, ચિંતા અથવા હતાશાની લાગણીઓ પણ સામાન્ય છે. વિટામિન B12, ઓમેગા-3 ફેટી એસિડ્સ અને એન્ટિ-ઓક્સિડન્ટ્સ આ સ્થિતિમાં ખૂબ જ ઉપયોગી છે.

**હું સ્ટ્રોકમાંથી ઝડપથી કેવી રીતે સાજો થઈ શકું?**

**હું સ્ટ્રોકને કેવી રીતે રોકી શકું?**

વધુ પડતી શારીરિક પ્રવૃત્તિ ન કરો. વ્યાયામ નિર્ણાયક છે કારણ કે તે સમગ્ર મગજમાં રક્ત અને ઓક્સિજનનો પ્રવાહ વધારે છે. હેલ્ધી ડાયટ ફોલો કરો. વધુ ન્યુરોન્સ બનાવવું એ ઝડપી સ્ટ્રોક પુનપ્રાપ્તિ માટેની ચાવી છે. પુષ્કળ આરામ મેળવો. તમારું બ્લડ પ્રેશર સામાન્ય રેન્જમાં રાખો, જો તમે ધૂમ્રપાન કરો છો, તો છોડો, તમારી બ્લડ સુગર (ગ્લુકોઝ) નોર્મલ રેન્જમાં રાખો, જો તમને હૃદયરોગ હોય તો સારવાર કરાવો, તમારું કોલેસ્ટ્રોલ લેવલ સામાન્ય રેન્જમાં રાખો, સ્વસ્થ વજન રાખો , સક્રિય થાઓ. વૈશિષ્ટિકૃત તબીબી સંશોધનમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ઓછામાં ઓછા ત્રણ કપ લીલી અથવા કાળી ચા પીવાથી સ્ટ્રોકના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે અને વધુ પાણી પીવાથી સ્ટ્રોકને રોકવામાં પણ મદદ મળી શકે છે...સ્ટ્રોક રોગ, સારવાર વિશે વધુ વિગતો સાથે આપણે આગામી કૉલમમાં ચર્ચા કરીશું

# અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપની બેઠક યોજાઈ

જિલ્લામાં કાર્યરત ગેસ અને કેમિકલ કંપનીઓના આપત્તિ વ્યવસ્થાપન સમીક્ષા કરવામાં આવી

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૧૬ મે, ૨૦૨૬ (શનિવાર) અમરેલી ડિસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપના ચેરપર્સન અને જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લામાં કાર્યરત ગેસ અને કેમિકલ કંપનીઓના આપત્તિ વ્યવસ્થાપન સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સભ્ય સચિવ અને નાયબ નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય જુનાગઢ દ્વારા ડિસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપના હેતુ તેમજ બેઠકના એજન્ડા વિશે માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં (MAH) મેજર એક્સીડેન્ટ હેઝાર્ડ અંતર્ગત આવતી કંપનીઓએ રાખવાની થતી આપત્તિ વ્યવસ્થાપનની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં બાબરાની એક, અમરેલીની એક અને રાજુલા પીપાવાવ વિસ્તારમાં કાર્યરત કુલ ૦૬ કંપનીઓના અગ્નિશમન, રેસ્ક્યૂ અને ઉપકરણોની તૈયારીઓ અને વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. આપત્તિની સ્થિતિમાં પ્રથમ રિસ્પોન્સ બાદ વહીવટી તંત્રને જાણ કરવાની તેમજ સ્થાનિક કક્ષાએ સંકલન સાધવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ કંપનીના પ્રતિનિધીશ્રીઓ પાસેથી તેમની વ્યવસ્થાઓની માહિતી મેળવી અને તેમને સ્થાનિક કક્ષાએ પ્રાંત અધિકારીશ્રી સાથે સંકલન જાળવવા માટે દિશા નિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં આપત્તિ વ્યવસ્થાપન, ફાયર, પોલીસ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, માર્ગ અને મકાન, પાણી પુરવઠા, સિંચાઈ, પી.જી.વી.સી.એલ, ખેતીવાડી, જી.આઈ.ડી.સી સહિત વિભાગના અધિકારીશ્રીઓ અને વિવિધ કંપનીઓના પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સાવરકુંડલાની જનતા માટે આશીર્વાદરૂપ બનતું ૪૦ વર્ષ જૂનું ઉતાવળ હનુમાનજી પાણીનું પરબ

## વર્ષ ૧૯૮૬થી ૩૬૫ દિવસ અવિરત: ૧૮ વર્ણના લોકો શીતળ જળ પીને અનુભવે છે પરમ તૃપ્તિ, માનવ સેવાની અનોખી મિસાલ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

"માનવ સેવા એ જ પ્રભુ સેવા" ના પરમ મંત્રને પોતાના જીવનમાં વણીને સાવરકુંડલાની પવિત્ર ધરતી પર છેલ્લા ચાર દાયકાથી એક અભૂતોપૂર્વ જળસેવાનો યજ્ઞ ચાલી રહ્યો છે. સાવરકુંડલાના મધ્યભાગમાં આવેલું પ્રખ્યાત *ઉતાવળ હનુમાન પાણીનું પરબ* વર્ષ ૧૯૮૬થી શરૂ કરીને આજે સતત ૪૦માં વર્ષે પણ કોઈપણ અટકાવ વગર, બારેમાસ અને ૩૬૫ દિવસ ચોવીસે કલાક શુદ્ધ અને ઠંડા પાણીની અમૃતધારા વરસાવી રહ્યું છે.

આ લોકઉપયોગી પરબની સ્થાપના પરમ સેવાભાવી અને દયાળુ વ્યક્તિત્વ ધરાવતા સ્વ. શ્રી મામૈયાભાઈ રામભાઈ સિંધવ દ્વારા કરવામાં આવી હતી. પિતાએ વાવેલા આ પુણ્યના બીજને આજે તેમના સુપુત્ર શ્રી અજયભાઈ મામૈયાભાઈ સિંધવ એટલી જ શ્રદ્ધા, નિષ્ઠા અને અખંડ સમર્પણ ભાવથી આગળ ધપાવી રહ્યા છે. ભલે શિયાળો હોય, ચોમાસું હોય કે ઉનાળો, આ પરબ ક્યારેય બંધ થતું નથી અને અવિરતપણે સેવાનું કેન્દ્ર બનેલું રહ્યું છે.

જયારે ઉનાળાના દિવસોમાં આકાશમાંથી અગનગોળા વરસતા હોય અને તાપમાનનો પારો ૪૫ થી ૪૬ ડિગ્રી જેવી ભયાનક સપાટીએ પહોંચી જાય છે, ત્યારે સામાન્ય માણસ માટે રસ્તા પર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં આ પરબ સાવરકુંડલાની જનતા માટે સાક્ષાત આશીર્વાદ સમાન સાબિત થાય છે. ધોમધખતા તાપમાં તરસથી વ્યાકુળ બનેલા વટેમાર્ગુઓ જયારે અહીંનું શીતળ જળ ગ્રહણ કરે છે, ત્યારે તેમના મુખમાંથી આપોઆપ ધન્યતાનો ભાવ અને આશીર્વાદ સરી પડે છે.

આ પાણીનું પરબ ભૌગોલિક દ્રષ્ટિએ સાવરકુંડલાના એકદમ વ્યસ્ત અને હૃદય સમાન સેન્ટર વિસ્તારમાં આવેલું છે. આ પરબની ચારેય બાજુએ ગુરૂકુળ, દેવળા ગેઈટ, કે.કે. હાઈસ્કૂલ, હાથસણી રોડ અને મેઘજી પેથરાજ છાત્રાલય જેવા અતિ મહત્વના જોડાણ રસ્તાઓ આવેલા છે, જેના કારણે અહીં ચોવીસ કલાક લોકોની ભારે અવરજવર રહે છે. આ પવિત્ર પરબ પર જ્ઞાતિ, જાતિ કે ધર્મના કોઈ જ ભેદભાવ વિના, સમાજના તમામ ૧૮ વર્ણના માનવીઓ એક સમાન ભાવે પાણી પીને વિસામો લે છે.

શાળાએથી છૂટીને બપોરના સમયે ધોમધખતા તાપમાં ઘરે પરત ફરતા નાના-નાના ભૂલકાઓ હોય, કે બજારમાંથી થાકેલા-પાકેલા પોતાના ઘર તરફ જતા વડીલો હોયદરેક વ્યક્તિ અહીં ઠંડુ પાણી પીને જીવમાં જીવ આવે તેમ પરમ શાંતિનો 'હાશકારો' અનુભવે છે.

આજના સમયમાં જ્યાં દરેક વસ્તુ વ્યાપારીકરણ તરફ જઈ રહી છે, ત્યારે છેલ્લા ૪૦ વર્ષથી કોઈપણ અપેક્ષા વગર નિરંતર ચાલતી આ જળસેવા સાવરકુંડલાની જનતા માટે પ્રેરણાનો સ્ત્રોત બની ગઈ છે. આ એક નાનકડું લાગતું પરંતુ અતિ ભગીરથ સેવાકીય કાર્ય સા:કુ (સાવરકુંડલા) ની જનતાને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે કે સાચી માનવ સેવા એ જ પ્રભુની સાચી બંદગી છે.

સિંધવ પરિવારની આ અનોખી અને પવિત્ર અવિરત જળસેવા બદલ સમગ્ર સાવરકુંડલા પંથકની જનતા, વ્યાપારી મંડળો અને વડીલો હૃદયપૂર્વક આ આદરાંજલિ અને સેવાકાર્યને બિરદાવી રહ્યા છે.

# અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતે વસ્તી ગણતરીની સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયામાં જોડાવા માટે નાગરિકોને અનુરોધ કર્યો





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૧૮ મે, ૨૦૨૬ (સોમવાર) - વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જનગણના - ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration)પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. આ પ્રક્રિયામાં સ્વ-ગણતરી કરવી હવે સહેલી છે. સમગ્ર રાજ્યમાં આગામી ૩૧ મે દરમિયાન નાગરિકો ઓનલાઈન પોર્ટલ પર પોતાની જાતે સ્વ-ગણતરી કરી શકે છે. અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતે વિકસિત ભારત - ૨૦૨૭ના નિર્માણ માટે દેશની જરૂરી એવી નીતિઓ અને યોજનાઓના ઘડતરમાં વસતિ ગણતરીને અભિન્ન અંગ ગણાવ્યું છે.

આ અંગે નાગરિકોને રાષ્ટ્રહીતમાં સ્વ-ગણતરી પ્રક્રિયામાં જોડાવા માટે અપીલ કરતા શ્રી ખરાતે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવે છે. હું નાગરિકોને અપીલ કરું છું કે, આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો.

આ તકે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે શ્રી ખરાતે તેમની સ્વ-ગણતરી પ્રક્રિયા માટે નોંધણી પ્રક્રિયા કરી હતી અને નાગરિકોન ઉત્સાહપૂર્વક આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે અપીલ કરી હતી.

## વસ્તી ગતણરીની સાચી માહિતી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યો અસરકારક બનાવવા જરૂરી : પોલીસ અધિક્ષકશ્રી

# ધોરાજીના યુવા યાત્રી આયુષ ચેતનભાઈ શાહે ૯૯ ગિરિરાજની યાત્રાઓ પૂર્ણ કરી

## ચોવીયાર છઠ સાથે અવિરત તપ અને ભક્તિની અદ્‌ભુત વિજય ગાથા



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ધોરાજીના યુવા આરાધક આયુષ ચેતનભાઈ શાહે માત્ર નાની ઉંમરમાં જ ૯૯ જૈન યાત્રાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરીને જૈન સમાજમાં નવો ઈતિહાસ રચ્યો છે. પ. પૂ. આ. શ્રી શ્રમણચંદ્રસુરીજી મ. સા. અને શ્રી શ્રુતચંદ્રસુરીજી મ. સા.ની પાવન પ્રેરણા અને ઘોઘાવાળા પરિવારના આશીર્વાદથી આ યાત્રાઓ પૂર્ણ કરવામાં આવી છે.

આયુષ ચેતનભાઈએ ખાસ કરીને ચોવીયાર છઠ* (બે દિવસના સંપૂર્ણ ઉપવાસ અને પાણી વગર)માં ૭ યાત્રાઓ એક સાથે પૂર્ણ કરીને અત્યંત કઠિન તપનું પ્રદર્શન કર્યું છે. ૪૫ ડિગ્રીના તીવ્ર તાપમાં પણ અવિરત ભકિતથી આ યાત્રાઓ પૂર્ણ કરવી એ ખરેખર પ્રેરણાદાયી અને અનુકરણીય કાર્ય છે.

આ સિદ્ધિ સાથે આયુષ ચેતનભાઈએ ધોરાજી જૈન સંઘ તેમજ સમગ્ર શાહ પરિવારનું નામ ગુજરાત સહિત સમગ્ર જૈન સમાજમાં રોશન કર્યું છે. આ ઉપલબ્ધિ યુવા પેઢી માટે આધ્યાત્મિક પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે.આયુષ ચેતનભાઈ શાહે જણાવ્યું હતું કે, "પરમ પૂજ્ય ગુરુવરોના આશીર્વાદ અને પરિવારના સહયોગથી આ અઘરું તપ પૂર્ણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. આ યાત્રાઓ મારા જીવનની સૌથી મોટી પ્રાપ્તિ છે."

ધોરાજી જૈન સંઘ તેમજ શાહ પરિવારે આયુષ ચેતનભાઈને અભિનંદન પાઠવ્યા છે અને તેમના સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક પ્રગતિ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

